dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-76 | AD-2024, Magashirsha Vad-04 | Thursday, Dt.19-12-2024 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર – અમરેલીધામ
આયોજીત
15
રંગીલા શ્રી ઘનશ્યામ મહારાજ
પંચદશાબ્દી મહોત્સવ
શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ
જાહેર આમંત્રણ
તા. ૨૨ થી ૨૮ ડીસેમ્બર-૨૦૨૪
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ
પ્રેરક : પ.પૂ.સદ્.શ્રી ભક્તિસંભવદાસજી સ્વામી
કથા સમય સવારે : ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે બપોરે : ૩:૩૦ થી ૭:૦૦ કલાકે
વક્તાશ્રી
પ.પૂ. શાસ્ત્રી
શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી
અમરેલીધામ
વક્તાશ્રી
પ.પૂ. કોઠારી
શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી
સીલ્વરચોક – સુરત
અનેક મહાપુરૂષો તેમજ સમર્થ સંતોના ચરણરજથી
પાવન થયેલી સંતભૂમિ અમરેલી શહેરમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર
અમરેલીધામ (પાણી દરવાજા)નાં પંચદશાબ્દી મહોત્સવમાં પધારવા સમસ્ત ધર્મપ્રેમી જનતાને
અમારૂ ભાવભર્યું જાહેર આમંત્રણ છે. તા. ૨૨ થી ૨૮ ડિસેમ્બર સુધી યોજાનાર ભવ્યાતિભવ્ય આ ઉત્સવમાં......
કથા પારાયણ | ઘરસભા | સાંસ્કૃતિક કાર્યક્રમ | ભવ્ય લોકડાયરો | રાસોત્સવ | શાકોત્સવ
મહિલા મંચ | યુવા મંચ | બ્રહ્મકુમારોને યજ્ઞોપવિત | બ્લડ ડોનેશન કેમ્પ | લોકમેળો
વગેરે અનેક કાર્યક્રમો ભવ્યાતી ભવ્ય યોજાશે માટે તમામ લોકોએ પરિવાર સાથે દિવ્ય કાર્યક્રમોનો લાભ લેવા જરૂર પધારશો.
લોકેશન માટે
કથા સ્થળ
હરિકૃષ્ણ ગૌશાળાની સામે, ડો. પીઠડીયા સાહેબની વાડી,
ધારી રોડ, અમરેલી. મો. ૯૪૨૯૫ ૫૯૩૨૫
:: સંપર્ક ::
મો. ૯૫૩૭૯ ૫૬૬૬૨
સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ YouTube ચેનલ Rangeela Ghanshyam પર થશે

# બાબાસાહેબ માટે અમારો આદર સર્વોપરી છે : મોદી

નવીદિલ્હી,તા.૧૮

બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદન પર વિપક્ષના પ્રહારો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વળતો પ્રહાર કર્યો છે. પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર પ્રહાર કરતા કહ્યું કે કોંગ્રેસ આંબેડકરનું અપમાન છુપાવી શકે નહીં. બાબાસાહેબ માટે અમારો આદર સર્વોપરી છે. તેમણે ટ્વીટ કર્યું, 'એક મોટી ગેરસમજ છે. ભારતના લોકોએ વારંવાર જોયું છે કે કેવી રીતે એક રાજવંશના નેતૃત્વ હેઠળની પાર્ટીએ ડો. આંબેડકરના વારસાને ભૂંસી નાખવા અને એસસી-એસટી સમુદાયોને અપમાનિત કરવા માટે દરેક સંભવિત ગંદી યુક્તિઓનો ઉપયોગ કર્યો છે.' પીએમ મોદીએ આગળ લખ્યું, 'ડૉ. આંબેડકર પ્રત્યેના કોંગ્રેસના પાપોની યાદીમાં તેમને એક વખત નહીં પરંતુ બે વખત ચૂંટણીમાં હરાવવાનો સમાવેશ થાય છે. પંડિત નેહરુએ તેમની સામે પ્રચાર કર્યો અને તેમની હારને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી દીધો. તેમને ભારત રત્ન આપવાની ના પાડી. સંસદના સેન્ટ્રલ હોલમાં તેમની તસવીરને ગૌરવનું સ્થાન ન આપ્યુ.



તેમણે કહ્યું કે કોંગ્રેસ ગમે તેટલી કોશિશ કરે, તેઓ એ વાતનો ઈન્કાર કરી શકતા નથી કે તેમના શાસન દરમિયાન એસસી એસટી સમુદાયો વિરુદ્ધ સૌથી ભયાનક હત્યાકાંડો થયા છે. તેઓ વર્ષો સુધી સત્તામાં રહ્યા, પરંતુ એસસી અને એસટી સમુદાયોને સશક્ત કરવા માટે કશું નક્કર કર્યું નહીં. પીએમ મોદીએ લખ્યું, 'સંસદમાં ગૃહમંત્રીએ ડૉ. આંબેડકરનું અપમાન કરવા અને એસસી-એસટી સમુદાયોની અવગણના કરવાના કોંગ્રેસના કાળા ઈતિહાસનો પર્દાફાશ કર્યો. આનાથી કોંગ્રેસ સ્પષ્ટ રીતે દુઃખી અને આઘાતમાં છે. એટલા માટે તેઓ હવે ડ્રામા કરી રહ્યા છે. આ ખૂબ જ દુઃખદ છે. લોકો સત્ય જાણે છે. તેમણે કહ્યું કે આજે આપણે જે છીએ તે ડૉ.બાબાસાહેબ આંબેડકરના કારણે જ છીએ. અમારી સરકારે છેલ્લા એક દાયકામાં બાબાસાહેબના સ્વપ્નને સાકાર કરવા માટે અથાક મહેનત કરી છે. કોઈ પણ ક્ષેત્ર લો - તે ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢે છે, એસસી એસટી એક્ટને મજબૂત કરે છે. તથા અમારી સરકારે માત્ર આ મુદ્દાને ઉકેલ્યો નથી, પરંતુ હું ત્યાં પ્રાર્થના કરવા પણ ગયો હતો. પીએમ મોદીએ કહ્યું, 'અમે દિલ્હીમાં ૨૬, અલીપોર રોડ પણ વિકસાવ્યો છે, જ્યાં ડૉ. આંબેડકરે તેમના છેલ્લા વર્ષો વિતાવ્યા હતા. લંડનમાં તે જ્યાં રહેતા હતા તે ઘર પણ સરકારે હસ્તગત કરી લીધું છે. જ્યારે ડૉ. આંબેડકરની વાત આવે છે, ત્યારે આપણો આદર સર્વોપરી છે. આ પહેલા બુધવારે કોંગ્રેસે અમિત શાહ પર બંધારણના ઘડવૈયા બાબાસાહેબનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ અને દેશની માફી માંગવી જોઈએ.

નિઃશુલ્ક માર્ગદર્શન
નવજીવન જનરલ હોસ્પિટલ
પથરી
પ્રોસ્ટેટ
કિડની રોગ ?
ડૉ. જય માકડીયા
યુરોલોજીસ્ટ
પથરી
પ્રોસ્ટેટ
કીડની
તારીખ :૧૯-૧૨-૨૦૨૪ ,ગુરુવાર
સમય:- બપોરે ૩:૦૦ થી ૬:૦૦
સ્થળ:- કેરિયા રોડ નાગરિક બેંકની બાજુમાં, અમરેલી. PH.૦૨૭૯૨-૨૨૨૨૨૩
MO.૯૯૭૮૨૨૩૦૦૦
નોંધ :- નામ નોંધાવવુ ફરજીયાત છે.

## રાજસ્થાનના બિકાનેરમાં તોપના પરીક્ષણ વખતે બ્લાસ્ટ થતા બે જવાનો શહીદ

બિકાનેર,તા.૧૮

રાજસ્થાનના બિકાનેરમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં તોપના પરીક્ષણ વખતે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દરમિયાન બોમ્બ બ્લાસ્ટ થવાની માહિતી મળી રહી છે. આ દુર્ઘટનામાં બે સૈનિકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા અને એક જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. માહિતી અનુસાર આ દુર્ઘટના મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જના નોર્થ કેમ્પમાં ચાર્લી સેન્ટર ખાતે સર્જાઈ હતી. દુર્ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત જવાનને સુરતગઢની મિલિટ્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બુધવારે બિકાનેરના મહાજન થાના વિસ્તારમાં આવેલા સૈન્યના ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. જ્યાં પ્રેક્ટિસ દરમિયાન કોઈ ભૂલને કારણે અચાનક બોમ્બ ફાટ્યો હતો. આ દુર્ઘટનામાં બે જવાનો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. જ્યારે એકની હાલત ગંભીર છે. ઘટનાની જાણ થતાં જ ટોચના સૈન્ય અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલમાં આ પરીક્ષણ ક્ષેત્રને સંપૂર્ણપણે સીલ મારી દેવામાં આવ્યું છે જેથી તપાસ કરી શકાય.

અમરેલીમાં
પ્રથમ અને એકમાત્ર
Perfect POWER Solutions Since 2013
એડવાન્સ ઈલેક્ટ્રીકલ પેનલ મેન્યુફેક્ચરિંગ યુનિટ
• ડિઝાઈન • ફેબ્રિકેશન • પાવડર કોટીંગ • એસેમ્બલીંગ • ટેસ્ટીંગ
સંપૂર્ણ પ્રોડક્શન લાઈન
પરફેક્ટ પાવર સોલ્યુશન્સ
શેડ નં.૨, પ્લોટ નં. ૪૩, ક્રિષ્ટી સીડસની પાછળ, GIDC અમરેલી
મો.9638191927 - 9979080710
The Perfection you can always trust

સંજોગ ન્યૂઝ

# આપણું અમરેલી

02

ગુરૂવાર, તા. ૧૯-૧૨-૨૦૨૪



## બગસરા તાલુકા ભાજપ પ્રમુખ બનવા જન્મ તારીખનાં દાખલામાં છેડછાડ કરી

**મુંજીયાસરના ઉપ સરપંચ નારાયણભાઇ વઘાસીયાએ જન્મ તારીખના સાચા પુરાવા રજૂ કર્યા**

બગસરા, તા.૧૮

બગસરામાં આજે શહેર તથા ગ્રામ્ય વિસ્તારના ભાજપના પ્રમુખ અને મંત્રી થવા માટે દાવેદારી રજૂ કરવામાં આવી હતી. આ સમયે બગસરાના ભાજપના પૂર્વ હોદ્દેદારે પોતાના જન્મ તારીખના દાખલા સાથે છેડછાડ કરી ખોટી ઉંમર રજૂ કરતા કાર્યકરોએ હોબાળો મચાવીને ફોર્મ રદ કરાવ્યું હતું.

બગસરા શહેરમાં આજે ભાજપના નિરીક્ષકોની હાજરીમાં શહેર તથા તાલુકાના પ્રમુખ અને મંત્રી પદ માટે દાવેદારી રજૂ કરવા ઉમેદવારો તથા તેમના ટેકેદારો આવ્યા હતા. જેમાં તાલુકા ભાજપ પ્રમુખ માટે છ દાવેદારોએ ફોર્મ રજૂ કર્યા હતા, જે પૈકી તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી અને પૂર્વ સરપંચ વિપુલ ક્યાડાએ પોતાની ઉંમર ૪૦ વર્ષ કરતા નીચે બતાવવા માટે તેના જન્મ તારીખના દાખલામાં સાથે છેડછાડ કરી હતી. મોટા મુંજીયાસરના ઉપસરપંચ નારાયણભાઈ વઘાસીયાએ આ બાબત પકડી પાડી વિપુલ ક્યાડાના જન્મ તારીખના સાચા પૂરાવા રજૂ કરતા કાર્યકરોએ હોબાળો મચાવ્યો હતો. વિવાદને પગલે નિરીક્ષકોએ વિપુલભાઈનું ફોર્મ રદ કર્યું હતું. આ ઉપરાંત તેમના જન્મ તારીખનો આ ખોટો દાખલો તૈયાર કરવામાં મદદગારી કરનાર કર્મચારીની પણ ધરપકડ કરવામાં આવે તેવી કાર્યકરોએ માગ કરી છે.


GOVERNMENT OF GUJARAT
BIRTH CERTIFICATE
AT : Juna Zanzariya TA.Bagasara



## બાબરાના પાનસડા ગામે તળાવ રિપેરીંગ માટે રૂ. ૧૭.૭૨ લાખની ગ્રાન્ટ સરકારે મંજૂર કરી

બાબરા, તા.૧૮



બાબરા પંથકનો વિકાસ થાય તે માટે ધારાસભ્યએ રજૂઆત કરી હતી. બાબરા પંથકમાં આવેલા પાનસડા ગામે તળાવ રિપેરીંગ માટે રૂ. ૧૭.૭૨ લાખની ગ્રાન્ટ સરકારના સિંચાઈ વિભાગે મંજૂર કરી છે. આ ગ્રાન્ટ મેળવવા માટે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ વિભાગમાં રજૂઆત કરી હતી. ગામમાં બંધારા માટે ગ્રાન્ટ મંજૂર થતાં આ વિસ્તારના લોકોમાં ખુશી વ્યાપી છે અને ધારાસભ્યની કામગીરીને બિરદાવી હતી.

## ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**૩૬ દર્દીઓના મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા**

અમરેલી,તા.૧૮

ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૦૮ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં ૩૬ દર્દીઓના મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગથી લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી મંદિરે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલી દ્વારા રાખવામાં આવ્યો હતો. ૨૬ દર્દીઓને રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવ્યા હતા.



## અમરેલીમાં ગજેરા કેમ્પસના સહયોગથી દિવ્યાંગ કલાકારોએ કૃતિઓ રજૂ કરી

અમરેલી,તા.૧૮

અમરેલી સ્થિત લાઠી રોડ ખાતેના ગજેરા કેમ્પસનાં સહયોગથી યોજાયેલ આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાનાં દિવ્યાંગ કલાકારોએ વિવિધ કૃતિઓમાં પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. રાસ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જૂનાગઢ મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ તથા લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભાવનગર અંકુર શાળા અને સમૂહ ગીત સ્પર્ધામાં થોરડી નિવાસી અંધ વિદ્યાલયે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહિલ, અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે.વી.મિયાણી, અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી વી.બી.પરમાર, સંસ્થાના ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, રાજ્ય આચાર્ય સંઘના મંત્રી સી.પી. ગોંડલીયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી તમામ કલાકારોને પ્રેરણા આપી બિરાદાવ્યા હતા.



## અમરેલી મોંઘીબા આર્ટ્સ કોલેજનાં બે વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષયમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરી

અમરેલી, તા.૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી માતુશ્રી મોઘીબા મહિલા આર્ટ્સ કોલેજના બે વિદ્યાર્થીઓ ડૉ. મહેન્દ્ર પવાર અને ડૉ. કાંતિલાલ ટંડેલે સંસ્કૃત વિષયમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. ડૉ. મહેન્દ્ર પવારે અને ડૉ. કાંતિલાલ ટંડેલ બંને વિદ્યાર્થીઓને માતુશ્રી મોઘીબા મહિલા આર્ટ્સ કોલેજના સંસ્કૃત વિષયના ગોલ્ડમેડાલિસ્ટ પ્રાધ્યાપક તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. બી. આર. ચુડાસમાનું માર્ગદર્શન મળ્યું હતું. અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઇ ગજેરા, મંત્રી મનસુખભાઇ ધાનાણી, ચતુરભાઇ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વી.એન. પેથાણી દ્વારા અભિનંદન પાઠવ્યા છે.





## ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવુ

અમરેલી,તા.૧૮

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળા કક્ષાએ અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ની વયજૂથમાં એથ્લેટિક્સ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન https://khelmahakumbh.gujarat.gov.in પર ડિસેમ્બર-૨૦૨૪ની તા.૦૫ થી તા.૨૫ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે. અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ના ગ્રુપના ખેલાડીઓએ જે-તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું, અભ્યાસ ન કરતા ખેલાડીઓએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથ પ્રમાણે રજિસ્ટ્રેશન કરવું. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદાની કટઓફ ડેટ તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

## સંગઠન પર્વના અનુસંધાને વિધાનસભાનાં ધારી તાલુકાના બુથ પ્રમુખોની બેઠક યોજાઈ

**ધારાસભ્ય જે.વી.કાકડીયા સહિતના આગેવાનો હાજર રહ્યા**

ધારી, તા.૧૮

સંગઠન પર્વના અનુસંધાને ધારી વિધાનસભાના ધારી તાલુકાના બુથ પ્રમુખોની અમરેલી જિલ્લાના ચૂંટણી અધિકારી રાજુભાઈ બાંભાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્ય જે.વી.કાકડીયા, જિલ્લા ભાજપના મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયા, જિલ્લા સહ ચૂંટણી અધિકારી અતુલભાઈ કાનાણી, પદાધિકારીઓ અને બુથ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.



## સંવેદન ગૃપનાં સંસ્થાપકે પોતાના ૪૪મા જન્મદિને નેત્રદાન અંગે જાગૃતિ ફેલાવી

અમરેલી, તા.૧૮



માનવસેવા અને રાષ્ટ્રધર્મને વરેલ સંસ્થા સંવેદન ગૃપના સંસ્થાપક વિપુલ ભટ્ટીના ૪૪મા જન્મદિવસની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વિશેષ એ વાત રહી કે, વિપુલ ભટ્ટીએ અને તેમના સંવેદન ગૃપે છેલ્લા કેટલાક વર્ષોમાં અમરેલીમાં નેત્રદાન અંગે જાગૃતિ ફેલાવીને ૧૦૮ ચક્ષુદાન મેળવ્યા છે. ગોપાલગ્રામના આ યુવાને સ્વામિનારાયણ ગુરુકુળ તરવડા મંદિરે ધર્મપત્ની સોનલબેન સાથે ઘનશ્યામ મહારાજના દર્શન કરી આશીર્વાદ લીધા હતા.

## અમરેલી નગરપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઉપયોગ સામે ૭ વેપારીઓને દંડ

અમરેલી, તા.૧૮

અમરેલી નગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક ઉપયોગ સામે વેપારીઓ સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી, જેમાં સાત જેટલા વેપારીઓને દંડ ફટકારવામાં આવેલ છે. અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસરની સુચના મુજબ આરોગ્ય શાખા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકના વેચાણ તેમજ ઉપયોગ કરનાર અને પ્રતિબંધિત વિસ્તારમાં તંબાકુનું વેચાણ કરનાર વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. વેપારીઓને દંડ ફટકારવામાં આવેલ હતો. તેમજ આવા વેપારીઓ પાસેથી ૨૦ કિલો જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલું હતું. આગામી દિવસોમાં શહેરના તમામ વેપારીઓની શોપનું ચેકીંગ હાથ ધરી સરકારનાં સોલીડ વેસ્ટ મેનજમેન્ટ મુજબ રૂા. પાંચ હજારનો દંડ ફટકારી પ્લાસ્ટીક જપ્તી, જાહેરમાં કચરો ફેંકવો સહિતની દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



**સ્પામાં કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ મળી નથી : એસ.પી. ખરાટ**

## અમરેલીમાં સ્પા મસાજ બંધ કરાવવા રજૂઆત

અમરેલી,તા.૧૮

અમરેલી શહેરમાં કેરિયા રોડ ઉપર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટમાં સ્પા મસાજ ચાલતા હોવાને કારણે સ્થાનિક લોકોએ વિરોધ નોંધાવતા રાતે ચીફ ઓફિસર દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી. રેસિડેન્ટ વિસ્તાર હોવાને કારણે લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. સમગ્ર મામલે જિલ્લા પોલીસ વડા સંજય ખરાટનો સંપર્ક કરતા કહ્યું હતું કે, સ્પા મામલે રજૂઆત આવતા પોલીસે રેડ કરી પરંતુ કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ મળી નથી, ત્યાં કામ કરતી મહિલાઓ સ્વૈચ્છિક કામ કરી રહી છે. ચકાસણી પણ કરી છે.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે આખલાને જોઈ સિંહો ગભરાઈ ગયા

અમરેલી,તા.૧૮

જાફરાબાદના હેમાળ ગામમાં સિંહોનું ટોળું શિકારની શોધમાં આવી પહોંચ્યું હતું. જોકે, કોઈ શિકાર મળ્યો ન હતો. હેમાળ ગામની શેરીઓમાં સિંહો આંટાફેરા મારતા હતા, તે દરમિયાન સિંહોનો સામનો આખલા સાથે થયો હતો. આખલાએ ભાગવાના બદલે હિંમત કરતા સિંહો થંભી ગયા હતા. આખલો સિંહોના ટોળા સામે નજીક અડીખમ રીતે ઉભો રહ્યો હતો. આખલાએ સામનો કરવા માટેની કોશિશ કરી પરંતુ સિંહો આખલાના કારણે ગભરાઈ ગયા હોય તેવુ જોવા મળ્યું હતું. મોટાભાગે પશુઓ સિંહથી જીવ બચાવવા માટે ભાગતા હોય છે પરંતુ અહીં આખલાના ડરથી સિંહો ગામની બહાર ભાગ્યા હતા. આ સમગ્ર ઘટનાક્રમ સીસીટીવીમાં કેદ થયો હતો.



## દીપડાના આંટાફેરાથી વન વિભાગને જાણ કરવામાં આવી

# નાના લીલીયા ગામે દીપડાના આંટાફેરા સીસીટીવીમાં કેદ

### દીપડાના આંટાફેરાના કારણે ગ્રામજનોમાં ભય

લીલીયા,તા.૧૮

લીલીયા તાલુકાના નાના લીલીયા સાવરકુંડલા માર્ગ પર આવેલ સૂર્ય વિલા ફાર્મમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં દીપડાની અવરજવર કેદ થતાં નાના લીલીયા ગ્રામ પંચાયત ઉપસરપંચ રણજીતભાઈ ખુમાણે સ્થાનિક આર.એફ.ઓ. ગલાણીને જાણ કરતાં ગણતરીની કલાકોમાં વન વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને દીપડાને પાંજરે પુરવા તજવીજ હાથ ધરી હતી. ઉપસરપંચ રણજીતભાઈ ખુમાણે ખેડૂતોને અપીલ કરી જણાવ્યું હતું કે પોતાના વાડી ખેતર ફાર્મમાં સીસીટીવી કેમેરા લગાવવા જોઈએ જેથી આસપાસમાં બનતી ઘટનાઓથી વાકેફ રહી શકાય અને વહીવટી તંત્રને મદદરૂપ થઈ શકાય તેમ અંતમાં જણાવ્યું હતું.



# ચલાલામાં પીજીવીસીએલના નાયબ ઈજનેર એસ.ટી. ગરાસીયાએ ચાર્જ સંભાળ્યો

ચલાલા, તા.૧૮




ચલાલા પીજીવીસીએલના નાયબ ઈજનેર મકવાણાની ટ્રાન્સફર થતાં તેમની જગ્યાએ નાયબ ઈજનેર એસ.ટી. ગરાસીયાએ ચાર્જ સંભાળ્યો હતો.

અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી અને ચલાલા શહેર ભાજપના વરિષ્ઠ આગેવાન પ્રકાશભાઈ કારીયાએ મુલાકાત કરી હતી અને નવનિયુક્ત નાયબ ઈજનેરને આવકારી આનંદની લાગણી વ્યક્ત કરી હતી, જ્યારે તત્કાલીન નાયબ ઈજનેર મકવાણાની કામગીરી બિરદાવી હતી.

# "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત અમરેલીમાં ખોવાયેલા ૨૧ મોબાઈલ ફોન માલિકોને પરત કરાયા

### એલસીબી ટીમે રૂ.૨,૯૩,૪૪૯ની કિંમતના ફોન શોધીને અરજદારોને પરત કર્યા

અમરેલી,તા.૧૮



ગુજરાતભરમાં ચોરી, લૂંટ સહિતના વિવિધ ગુનાઓમાં પોલીસ સ્ટેશનમાં જપ્ત કરવામાં આવતો મુદ્દામાલ મૂળ માલિકોને પરત આપવા સરકાર દ્વારા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. આ અન્વયે અમરેલી પોલીસના અધિક્ષક સંજય ખરાત દ્વારા જિલ્લામાં બની રહેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધીને, આરોપીઓને પકડી, ચોરી-લૂંટ થયેલ તમામ મુદ્દામાલ રિકવર થાય અને તે મૂળ માલિકને ઝડપથી પરત મળી રહે તે માટે "તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં ખોવાયેલ મોબાઈલ ફોન અંગે મળેલ રજૂઆતો-અરજીઓ અંગે કાર્યવાહી કરીને એલ.સી.બી. અમરેલી પો.ઈન્સ. એ.એમ. પટેલએ એલ.સી.બી. કચેરી ખાતે ૨૧ અરજદાર-મૂળ માલિકોને અંદાજે કુલ રૂ.૨,૯૩,૪૪૯ની કિંમતના મોબાઈલ આ કાર્યક્રમમાં પરત કર્યા હતા.

# સાવરકુંડલામાં હાથસણી રોડ પર નવી પ્રાથમિક શાળાની માંગણી

સાવરકુંડલા, તા.૧૮

સા.કુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર પાંચના સદસ્ય અને વિરોધ પક્ષના નેતા અશોકભાઈ ખુમાણે હાથસણી રોડ પર આવેલી આસોપાલવ સોસાયટી પાછળ એક નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની માંગણી કરી છે. ખુમાણે જિલ્લા શિક્ષણાધિકારીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, હાથસણી રોડ વિસ્તારમાં વસ્તીમાં ઝડપી વધારો થઈ રહ્યો છે અને આ વિસ્તારમાં રહેતા મોટાભાગના લોકો આર્થિક રીતે નબળા છે. હાલમાં આ વિસ્તારમાં માત્ર એક જ સરકારી પ્રાથમિક શાળા છે, જે પૂરતી નથી. આ વિસ્તારના બાળકોને અભ્યાસ માટે દૂર-દૂર જવું પડે છે. ખુમાણે તેમના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, હાથસણી રોડ પર વાહનોની અવરજવર ખૂબ જ વધુ છે. આવી સ્થિતિમાં નાના બાળકો માટે દૂર શાળાએ જવું જોખમી છે. આ ઉપરાંત, આ વિસ્તારના ઘણા લોકો પ્રાઈવેટ સ્કૂલની ફી ભરી શકતા નથી. આથી, આ વિસ્તારમાં એક નવી સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવી જરૂરી છે.

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
SHREE HARI PVC FURNITURE
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

સંકુલ B.Sc. માઈક્રો – BT કોલેજ ચાલુ
નવી B.Sc. IT & CA કોલેજ પ્લાનીંગ
★ સંકુલ માં B.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી કોલેજ ચાલુ છે.
★ તેમાં ઈન્ટર ડીસીપ્લીનરી માં બાયોકેમેસ્ટ્રી વિષય ભણાવવામાં આવે છે.
★ સંકુલ માં જુન – ૨૦૨૫ થી નવી B.Sc. IT & CA કોલેજનું આયોજન છે.
★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિ માસિક – છ માસિક – નવ માસિક પરિક્ષા
★ યુનિવર્સિટી ટોપટેન માં સંકુલ સ્ટુડન્ટ્સ – યુનિવર્સિટી ટોપટેન માં સંકુલ કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 084

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ:90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા–અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

## -:: જાહેર હરરાજી ::-

આથી જણાવવાનું કે, પ્લોટશાળા હામાપુરમાં જર્જરિત ૩ (ત્રણ) રૂમો, એમડીએમ રસોડું અને સેનીટેશન બ્લોકનાં બારી-બારણા સહિતની હરરાજી નીચે આપેલ તારીખ,સમય અને સ્થળે રાખેલ છે. ઉપરોક્ત ત્રણેય સ્લેબવાળા જર્જરિત રૂમોનાં બાંધકામની અપસેટ કિંમત રૂા. ૫૨૦૦૦/- (બાવન હજાર પુરા) રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ખરીદદારોએ માલસામાન લઈ, ભોંયતળીયુ સાફ અને સમથળ કરી આપવાનુ રહેશે. હરરાજીમાં જોડાવા માટે ડિપોઝીટની રકમ રૂા.૨૦૦૦/- (બે હજાર પુરા) તે દિવસે ૧૧:૦૦ કલાકે જમા કરાવવાની રહેશે.

નોંધ:- શરતો અને બોલીઓ હરરાજીનાં દિવસે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

| -:: તારીખ ::- | -:: સ્થળ ::- |
|---|---|
| તા.૨૭/૧૨/૨૦૨૪, શુક્રવાર, સવારે ૧૧:૦૦ કલાકે | પ્લોટશાળા હામાપુર, તા.બગસરા, જી.અમરેલી |

શ્રી પ્લોટ શાળા-હામાપુર, તા.બગસરા, જી.અમરેલી

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**સિવિલ હોસ્પિટલનું બે વર્ષથી કામ ચાલુ છે તે બાબતે કોઈ આગેવાનને રસ નથી**

# લોકોના પ્રશ્નો કોરાણે મૂકી બગસરા શહેર ભાજપ પ્રમુખ બનવાના અભરખા જાગ્યા



બગસરા, તા.૧૮

બગસરા શહેર મંડળના પ્રમુખ બનવા માટે જિલ્લા ભાજપના આગેવાનો દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. શહેરના પ્રશ્નો બાબતે ઉણા ઉતરેલા ભાજપ આગેવાનો સેન્સ પ્રક્રિયા આપવા માટે ઉમટી પડયા હતા. બગસરા શહેર ભાજપના પ્રમુખ બનવા માટે પેજ પ્રમુખો માટે સેન્સ લેવામાં આવી હતી. છેલ્લાં બે વર્ષથી સરકારી દવાખાનાનું કામ ચાલુ છે તે હજુ પુરૂ થયુ નથી, અમરેલી જવાનો માર્ગ ધુળીયો બની ગયો છે આ બાબતે ભાજપના કોઈ આગેવાનો રજૂઆત કરતા નથી. આગામી નગરપાલિકાની ચૂંટણી નવા પ્રમુખની નીચે યોજાવાની હોય જેથી પ્રમુખને આંગળીના ઈશારે નચાવી શકાય તેવા પ્રમુખ બને તે માટે આગેવાનો લોબીંગ કરી રહ્યાં છે. આમ, શહેરના પ્રશ્નો કોરાણે મૂકી આગેવાનોને શહેર ભાજપ પ્રમુખ બનવાના અભરખા જાગ્યા હોવાથી આવા આગેવાનો સામે લોકો રોષે ભરાયા છે.

# વડીયા-જૂનાગઢને જોડતા રસ્તાઓની બિસ્માર હાલત, લોકો મુશ્કેલીમાં

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લાના વડીયા તાલુકા અને જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાને જોડતા મુખ્ય રસ્તાઓની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. ખાસ કરીને ઢૂંઢિયા પીપળીયાથી ચુડા અને હનુમાન ખીજડીયાથી ખજૂરી હડમતીયા જતા રસ્તાઓની સ્થિતિ ખૂબ જ દયનીય છે. આ રસ્તાઓ પર ઊંડા ખાડા પડી ગયા છે અને રસ્તાઓ બિસ્માર થઈ ગયા છે. જેના કારણે આ રસ્તાઓ પરથી પસાર થતા ખેડૂતો, રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વાસણ, ફર્નિચર અને સીંગદાણા માટે જાણીતા ચુડા ગામને જોડતો આ રસ્તો હોવાથી અહીંથી મોટી સંખ્યામાં વાહન પસાર થાય છે. પરંતુ રસ્તાની ખરાબ હાલતને કારણે વાહનચાલકોને અનેક



મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઢૂંઢિયા પીપળીયાથી ચુડા જતો રસ્તો ખૂબ જ સાંકડો બની ગયો છે. આ રસ્તા પર બે વાહનો સાથે સાથે ચાલી શકતા નથી. જેના કારણે અહીંથી પસાર થતી એસ.ટી. બસો અને ખાનગી બસોને મુશ્કેલી પડે છે. આ બંને રસ્તાઓનું નવીનીકરણ કરવાની લોકોમાં માંગ ઉઠી છે. લોકોનું કહેવું છે કે, આ રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવે તો આ વિસ્તારના લોકોને ઘણી સુવિધા થશે અને આર્થિક વિકાસમાં પણ મદદ મળશે.

# લાઠીના ઈંગોરાળા ગામે સગીરાએ ગળાફાંસો ખાધો

લાઠી, તા.૧૮

લાઠીના ઈંગોરાળા ગામે રહેતા ગોબરભાઈ કાળુભાઈ જોગરાણા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીના સગા મામા સુરત મુકામે રહેતા હતા. તેની નાની મરણ પામ્યા હોવાથી રંઘોળા ગામે મામા ઘરે કયાં જવું એ બાબતે માનસિક તાણમાં રહેતી હતી અને આ બાબતે ઘરે અવાર-નવાર વાતો કરતી હતી. જેથી મનમાં લાગી આવતા પોતાની મેળે પોતાના ઘરે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે. લીલીયાના હરીપર ગામે રહેતા હરેશભાઈ ચીમનભાઈ દેવાણી (ઉ.વ.૩૫) બાથરૂમમાં પડી જતાં માથાના ભાગે ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત થયું હોવાનું વિનુભાઈ મનજીભાઈ દેવાણી (ઉ.વ.૫૨)એ જાહેર કર્યુ હતું.

# લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની નિર્વાણ તિથિની દબદબાભેર ઉજવણી કરાઈ

અમરેલી, તા.૧૮

ખેડૂત નેતા અને અખંડ ભારતના શિલ્પી તેમજ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની નિર્વાણ તિથિની ઉજવણી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪નાં રોજ કરવામાં આવી હતી. ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે આ દિવસ નિમિત્તે ભારતીય કિસાન સંઘ બાબરા તાલુકા પ્રમુખ ભાનુભાઈ પાનશેરીયા તેમજ તાલુકા કારોબારી



સમિતિ અને જિલ્લા સહમંત્રી લાલજીભાઈ વસ્તરપરાની રાહેદારી દ્વારા રાજકોટવાળા એડવોકેટ રમણીકભાઈ કોટડીયાને ભાવથી આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ફ્રી સેમિનારમાં રેવન્યુ માર્ગદર્શક સાથે, વકીલ રાજેશભાઈ બોરીચા, સુરેન્દ્રનગરથી ડાયાભાઈ ખોખાણી (ફાર્મર ફ્રેન્ડ ચેનલ) તેમજ અમરેલીથી નિવૃત પોલીસ કોન્સ્ટેબલ તેમજ ગૌપ્રેમી વાડીયાભાઈ ખુમાણ સર્વોએ ખેડૂતોના ખેતીવાડીના રેવન્યુ પ્રશ્નોના ઉકેલમાં સહકાર આપવા સાથે જોડાયા હતા.

# વિકટર ચેકપોસ્ટ પરથી સુરત પાસિંગની ઓટો રિક્ષામાં થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ

રાજુલા, તા.૧૮

રાજુલાની વિકટર ચેકપોસ્ટ પરથી સુરત પાસિંગની ઓટો રિક્ષામાં થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ હતી. મહુવામાં રહેતા રસીકભાઈ લાભુભાઈ બાંભણીયા (ઉ.વ.૩૦) તથા ઋત્વીકભાઈ સંજયભાઈ સાંખટ (ઉ.વ.૨૪) રિક્ષા લઈને પસાર થતાં હતા ત્યારે તેમને અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૦ બોટલો મળી આવી હતી. પોલીસે કુલ ૭૩,૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલામાં એક મહિલાના રહેણાંક મકાનેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

જિલ્લામાંથી ૧૩ લોકો વીના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા તેમજ ૨૦થી વધુ લોકો વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

# સા.કુંડલામાં દરબારગઢ નજીક જાહેર શૌચાલય જોખમી બન્યું

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા શહેરમાં મેઈન બજારમાં દરબારગઢ આવેલો છે, આ દરબારગઢ નજીક જાહેર શૌચાલય છે. બાજુની બિલ્ડીંગ જર્જરીત થતા તોડી પાડવામાં આવી હતી પરંતુ જાહેર શૌચાલય ઉપર તૂટેલ સ્લેબ તોળાઈ રહ્યો છે. જેના કારણે શૌચાલયમાં જનાર દરેક વ્યક્તિને હેલ્મેટ પહેરીને જવું પડે તેવી સ્થિતિ છે. અનેક વખત વ્યાપારીઓએ રજૂઆત કરી છતાં




તંત્રને આ બાબતની ગંભીરતા સમજાતી નથી. માત્ર અને માત્ર શૌચાલય ઉપર જોખમી તૂટેલા બીમ કોલમના મલબાને હટાવવામાં આવે તો જોખમી ઘટનાઓ બનતી અટકાવી શકાય ત્યારે તાત્કાલિક ધોરણે જાહેર શૌચાલય ઉપર જોખમી રીતે તોળાઈ રહેલા આ બીમ કોલમના મલબાને હટાવવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે.

# અમરેલીમાં બ્રહ્મેશ્વર મહાદેવ મંદિરે શ્રી રામ કથાનો પ્રારંભ

**કથા શ્રવણનો લાભ લેવા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા**

અમરેલી, તા.૧૮

અમરેલીમાં બ્રહ્મેશ્વર મહાદેવના મંદિરે શ્રી રામ કથાનો પ્રારંભ થયો છે. લાઠી રોડ પર આવેલ બ્રાહ્મણ સોસાયટીમાં બિરાજતા શ્રી બ્રહ્મેશ્વર મહાદેવના મંદિરે (આ મંદિરના લાભાર્થે) તા.૧૪-૧૨ ને શનિવારથી શ્રી



રામ કથાનો પ્રારંભ થયો છે. ઘોઘા તાલુકાના પાણીયા ગામના કથાકાર સંજયદાસ રામકબીર સંગીતના સથવારે શ્રોતાજનોને કથાનું રસપાન કરાવી રહ્યા છે. અમરેલી શહેરના અનેક ભક્તો કથામાં તરબોળ થઈ રહ્યા છે. તા.૨૨-૧૨ ને રવિવારે કથાને વિરામ આપવામાં આવશે.

# બગસરના નવી હળિયાદ ગામનો પુરુષ દેશી તમંચા સાથે ઝડપાયો

બગસરા, તા.૧૮

બગસરાના નવી હળિયાદ ગામના પુરુષને અમરેલી એલસીબી ટીમે દેશી તમંચા સાથે ઝડપી પાડ્યો હતો. ગભરૂભાઈ નાનાભાઈ ખાખડીયા (ઉ.વ.૫૨) નામનો ઈસમ નવી હળીયાદથી ઘંટીયાણ જવાના રસ્તે તેની વાડીએથી દેશી બનાવટના તમંચા (અગ્નિશસ્ત્ર) સાથે ઝડપાયો હતો. પૂછપરછ દરમિયાન તેણે વિસાવદર તાલુકાના પીરવડ ગામે રહેતા



સુરેશભાઈ માણસુરભાઈ હુદડે તમંચો આપ્યો હોવાની કબૂલાત કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચોથ
તા. ૧૯-૧૨-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૮,
સૂર્યાસ્ત-૦૫:૨૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

**તા.૧૯-૧૨-૨૦૨૪ ગુરૂવાર**

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. ધંધાની સ્થિતિમાં પણ સુધારો થઈ રહ્યો છે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે, સમયનો લાભ લો. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો.

મીન: આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે.

# બગસરાના મારામારીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો કરાવતા ઉદયન ત્રિવેદી

બગસરા, તા.૧૮

બગસરાના ચકચારી મારામારીના કેસમાં સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને ધ્યાનને લઈને જયુડી. મેજી. એસ. એમ. પટેલે તમામ આરોપીઓને નિર્દોષ છોડવાનો હુકમ આજે કર્યો હતો. આ ઘટનાની વિગત મુજબ, તા. ૧૨-૧૦-૨૦૧૭ના રોજ બપોરે ૧૨:૩૦ વાગે ફરિયાદીના ઘરે જઈ આરોપીઓ પ્રાગજીભાઈ



દેવશીભાઈ બાબરીયા, મુકેશભાઈ વલ્લભભાઈ બાબરીયા, હરસુખભાઈ ભીખાભાઈ સાવલીયા, વિનુભાઈ ભીખાભાઈ સાવલીયા, વિપુલભાઈ નાથાભાઈ ધાડીયા, અરવિંદભાઈ કાનજીભાઈ ડોબરીયા (તમામ રહે. ડમરાળા, તા. ભેંસાણ)એ ફરિયાદીના ભાઈ દદુભાઈને મારવાના ઈરાદે તેમના ઘરનો ડેલો ખોલાવેલ. આ દરમિયાન ફરિયાદી તથા મંગળુભાઈ વચ્ચે પડતા પ્રાગજીભાઈ બાબરીયાએ તેના હાથમાં તલવારથી એક ઘા મારી દીધેલ તથા વિપુલભાઈ ધાડિયાએ તેના હાથમાં રહેલ પાઈપ મારી ફેકચર કરી દીધેલ. અરવિંદભાઈ કાનજીભાઈએ મંગળુભાઈને પાઈપ મારી ઈજા પહોંચાડેલ. કોર્ટમાં ટ્રાયલ દરમિયાન ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ જતા કોર્ટે આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તરફથી અમરેલીના સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયા હતા.

# બગસરાના ખીજડીયા ગામનો કેદી પેરોલ પર છૂટી ફરાર થઈ ગયો

બગસરા, તા.૧૮

બગસરાના ખીજડીયા ગામે રહેતો એક કેદી પેરોલ પર છૂટીને ફરાર થઈ ગયો હતો. રાજકોટ મધ્યસ્થ જેલના જેલર ગ્રુપ-૨ કે.જી. સીસોદીયાએ બગસરાના ખીજડીયા ગામના જોરૂભાઈ વલકુભાઈ બસીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી કેદી ૭ દિવસની પેરોલ રજા પર જેલ મુક્ત થયો હતો. જે બાદ જેલમાં હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સેજલબેન જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહ શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ
એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી


**તંત્રી લેખ**

# શું એક રાષ્ટ્ર એક ચૂંટણીનો અમલ ૨૦૩૪ થી થશે ?

એક રાષ્ટ્ર એક ચૂંટણીનો પ્રસ્તાવ લોકસભામાં પસાર થઈ ચૂક્યો છે ત્યારે વિરોધ પક્ષોએ એવો શોરબકોર કર્યો કે આનાથી પ્રાદેશિક પક્ષો ખતમ થઈ જશે. ભારતમાં રાજકીય અસ્થિરતાને કારણે પ્રગતિમાં અવરોધ આવી રહ્યો છે. 'એક દેશ, એક ચૂંટણી' સિસ્ટમ આને દૂર કરી શકે છે. આ સિસ્ટમ ઘણા દેશોમાં સફળ રહી છે અને ભારતમાં પણ આગામી થોડા વર્ષોમાં આ સિસ્ટમ કાર્યરત થઈ જશે. આનાથી રાષ્ટ્રીય હિત અને જનહિત સુનિશ્ચિત થશે અને રાજકીય પક્ષો જાહેર મુદ્દાઓ પર એક થઈ શકશે. આવનારા કેટલાક વર્ષોમાં તમામ રાજ્યોની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક નિશ્ચિત સમયગાળામાં યોજવામાં આવશે. આ દિશામાં મોદી સરકારની પ્રતિબદ્ધતા અને તત્પરતા આશા આપે છે કે લોકસભામાં 'એક દેશ એક ચૂંટણી' બિલ રજૂ થઈ ચૂક્યું છે.

હવે ચૂંટણીની વિક્ષેપિત વ્યવસ્થા પાટા પર આવશે, તેમાં ચોક્કસપણે ફેરફાર થશે. જેઓ ગઈકાલ સુધી તેને અવ્યવહારુ અને અશક્ય માનતા હતા તેમના વિશે વિચાર આવશે. જો કે, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં રચાયેલી ૮ સભ્યોની સમિતિના અહેવાલ પછી જ એ વાત સ્વીકારવી જોઈતી હતી કે વિરોધીઓની ટીકા અને આશંકાઓ છતાં મોદી સરકાર દરેક કિંમતે એકસાથે યોજવાનું લક્ષ્ય હાંસલ કરશે. એક દેશ, એક ચૂંટણી ૧૨૯મો સુધારો બિલ સ્પષ્ટપણે તે બધી બાબતોની જોડણી કરે છે જે આ થઈ શકે છે. આમાં બે બિલ છે. એક બંધારણીય સુધારો બિલ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની એક સાથે ચૂંટણીઓ યોજવા માટે અને બીજું કેન્દ્રશાસિત પ્રદેશો માટે એક સાથે ચૂંટણીઓ યોજવા માટે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી અંગેનો નિર્ણય હાલ પૂરતો મુલતવી રાખવામાં આવ્યો છે. જનહિત માટે એકજૂટ નથી: હંમેશા કેટલીક ચૂંટણીઓ ચાલતી હોવાના કારણે રાજકીય પક્ષોનો ભાર જનસમર્થન જાળવી રાખવા પર હોય છે. આવા સંજોગોમાં તેઓ ઈચ્છે તો પણ રાષ્ટ્રહિત અને જનહિતના મુદ્દાઓ પર એક થતા નથી. તેના પરિણામો આખા દેશે ભોગવવા પડશે. કોઈપણ રીતે, ૧૯૬૭ સુધી તમામ ચૂંટણીઓ એક સાથે યોજાતી હતી. ૧૯૬૭માં ૮ રાજ્યોમાં વિપક્ષનો વિજય, તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સામે કોંગ્રેસમાં બળવો અને વિભાજન, કોંગ્રેસ દ્વારા રાજ્ય સરકારોનું અકાળ વિસર્જન અને રાષ્ટ્રપતિ શાસન લાદવું અને લોકસભાની ચૂંટણીઓ યોજવી વગેરે ઘટના બની હતી. ૧૯૭૧, નિર્ધારિત કરતાં એક વર્ષ આગળ, ચૂંટણી પ્રણાલી પાટા પરથી ઉતરી ગઈ હતી. અસ્થિરતાનો ખતરો: જેમણે ૧૯૯૦ અને ૨૦૦૦ ના દાયકાની અસ્થિરતા અને તેના કારણે સર્જાયેલી સમસ્યાઓ જોઈ છે તેઓ ચોક્કસપણે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' ઈચ્છશે. જો કે ૨૦૧૦ પછી રાજ્યોમાં સ્થિરતા આવી છે અને કેન્દ્રમાં ગઠબંધન સરકારો ૧૯૯૯થી સ્થિર છે, પરંતુ તે પહેલાની સ્થિતિ પણ આપણી સામે છે. આવી અસ્થિરતાનો ભય હજુ પણ ટાળી શકાય તેમ નથી. વિરોધ પક્ષોનો વિરોધ જોતા સવાલ થાય કે શું એક રાષ્ટ્ર એક ચૂંટણીનો અમલ ૨૦૩૪ થી થશે ?

# 'વન નેશન વન ઇલેક્શન' બિલ લોકશાહી માટે ગેમ ચેન્જર સાબિત થશે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

દેશમાં આજકાલ એક રાષ્ટ્ર, એક ચૂંટણીનો મુદ્દો રાજકીય રીતે ગરમાયો છે. આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ અંગે વિપક્ષ દ્વારા કરવામાં આવી રહેલા આરોપોને ફગાવી દીધા હતા. કેન્દ્ર પર એક સાથે ચૂંટણી કરાવવાનો આરોપ છે, જેનો ફાયદો ભાજપને થશે. તેના પર કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, ૨૦૧૪ અને ૨૦૧૯માં અમારી પાસે પીએમ મોદી હતા, પરંતુ અમે હજુ પણ હારી ગયા. ૨૦૧૯ માં તેને સમગ્ર દેશમાં ભારે બહુમતી મળી, પરંતુ આંધ્ર પ્રદેશમાં હાર મળી. ૧૯૫૨ માં એકસાથે ચૂંટણી કરાવવામાં આવી હતી.

ભારતમાં વન નેશન વન ઈલેકશનનો અર્થ એ છે કે સંસદના નીચલા ગૃહ એટલે કે લોકસભાની ચૂંટણીની સાથે તમામ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ પણ થવી જોઈએ. આ સાથે સ્થાનિક સંસ્થાઓ એટલે કે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, નગર પંચાયત અને ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ પણ થવી જોઈએ. છેલ્લા ઘણા સમયથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણી સાથે રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ કરાવવાનો આગ્રહ કરી રહ્યા છે.

આ સમિતિએ આ વર્ષે ૧૪ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનો રિપોર્ટ સોંપ્યો છે. નિષ્ણાતો અને હિતધારકો સાથે ૧૯૧ દિવસ સુધી ચર્ચા કર્યા બાદ સમિતિએ ૧૮ હજાર ૬૨૬ પાનાનો રિપોર્ટ આપ્યો છે. જેમાં તમામ રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ ૨૦૨૯ સુધી લંબાવવાનું સૂચન કરવામાં આવ્યું છે, જેથી લોકસભા ચૂંટણીની સાથે તેમની ચૂંટણી પણ કરાવી શકાય. આ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ત્રિશંકુ વિધાનસભા અથવા અવિશ્વાસ પ્રસ્તાવના કિસ્સામાં બાકીના પાંચ વર્ષ માટે નવી ચૂંટણીઓ યોજવામાં આવી શકે છે. પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થવી જોઈએ. બીજા તબક્કામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી ૧૦૦ દિવસની અંદર થઈ શકે છે. આ માટે ચૂંટણી પંચ લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓ માટે મતદાર યાદી તૈયાર કરી શકે છે. ઉપરાંત, સુરક્ષા દળો, વહીવટી અધિકારીઓ, કર્મચારીઓ અને મશીનો વગેરે માટે આગોતરા આયોજન કરવાની ભલામણ કરવામાં આવી છે.

આવી સ્થિતિમાં સરકાર સામે સૌથી મોટો પડકાર એ રહેશે કે જો કોઈપણ રાજ્યની લોકસભા કે વિધાનસભા ભંગ કરી દેવામાં આવે તો વન નેશન વન ઈલેક્શનની વ્યવસ્થા કેવી રીતે જાળવવી.

આપણા દેશમાં EVM અને VVPAT દ્વારા ચૂંટણી યોજાય છે, જેની સંખ્યા મર્યાદિત છે. લોકસભા અને વિધાનસભાની અલગ-અલગ ચૂંટણીને કારણે તેની સંખ્યા પૂરતી છે. જો લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજાય તો વધુ મશીનોની જરૂર પડશે. જેને પૂરી કરવી પણ એક પડકાર હશે. ત્યારે એકસાથે ચૂંટણી માટે વધુ વહીવટી અધિકારીઓ અને સુરક્ષા દળોની જરૂરિયાત પૂરી કરવી એ પણ એક મોટો પ્રશ્ન બનીને ઉભરી આવશે.


વન નેશન વન ઈલેક્શન માટે તમામ રાજકીય પક્ષો અલગ-અલગ વિચાર ધરાવે છે. એટલા માટે આ અંગે સર્વસંમતિ બની શકતી નથી. રાજકીય પક્ષો માને છે કે આવી ચૂંટણીઓથી રાષ્ટ્રીય પક્ષોને ફાયદો થશે, પરંતુ પ્રાદેશિક પક્ષોને નુકસાન થશે. તેથી જ ખાસ કરીને પ્રાદેશિક પક્ષો આવી ચૂંટણીઓ માટે તૈયાર નથી. તેઓ એવું પણ માને છે કે જો વન નેશન વન ઈલેક્શનની ગોઠવણ કરવામાં આવે તો રાજ્ય સ્તરના મુદ્દાઓ રાષ્ટ્રીય મુદ્દાઓને આધીન થઈ જશે. તેનાથી રાજ્યોના વિકાસને અસર થશે.

અગાઉ પણ ભારતમાં એકસાથે ચૂંટણીઓ યોજાઈ છે. આઝાદી પછી ૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭ માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાઈ હતી, પરંતુ ૧૯૬૮ અને ૧૯૬૯માં ઘણી વિધાનસભાઓનું સમય પહેલા વિસર્જન કરવામાં આવ્યું હતું. જે બાદ ૧૯૭૦માં લોકસભા પણ ભંગ કરી દેવામાં આવી હતી. જેના કારણે એક દેશ, એક ચૂંટણીની પરંપરા તૂટી ગઈ. અન્ય કયા દેશોમાં વન નેશન વન ઈલેક્શન સિસ્ટમ છે તે જાણવું જરૂરી છે. જ્યાં સુધી અન્ય દેશોમાં વન નેશન વન ઈલેક્શનની સિસ્ટમનો સવાલ છે, તો અમેરિકા, ફ્રાન્સ, સ્વીડન, કેનેડા વગેરે આ યાદીમાં સામેલ છે. અમેરિકામાં પ્રમુખ, કોંગ્રેસ અને સેનેટ માટેની ચૂંટણી દર ચાર વર્ષે એક નિશ્ચિત તારીખે યોજાય છે. અહીં એકીકૃત ચૂંટણી પ્રક્રિયાને સરળ બનાવવા માટે દેશના તમામ સર્વોચ્ચ કાર્યાલયોની ચૂંટણીઓ એકસાથે યોજવામાં આવે છે. આ માટે સંઘીય કાયદાનો સહારો લેવામાં આવે છે.

વન નેશન વન ઈલેક્શનના ફાયદા અનેક છે. વન નેશન વન ઈલેક્શનનો સૌથી મોટો ફાયદો એ છે કે ચૂંટણી ખર્ચમાં ઘટાડો થશે. અલગ-અલગ ચૂંટણીઓ કરાવવા માટે દર વખતે મોટી રકમ ખર્ચવામાં આવે છે. વારંવારની ચૂંટણીઓના કારણે પ્રશાસન અને સુરક્ષા દળો પર વધારાનો બોજ આવે છે, કારણ કે તેમને દરેક વખતે ચૂંટણી ફરજ બજાવવાની હોય છે. એક સાથે ચૂંટણી થશે તો કેન્દ્ર અને રાજ્ય સરકારો કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે અને વિકાસના કામો પર ધ્યાન આપી શકશે. એક જ દિવસે ચૂંટણી યોજવાથી મતદારોની સંખ્યામાં પણ વધારો થશે, કારણ કે તેમને એવું નહીં લાગે કે ચૂંટણીઓ આવતી રહે છે. તેઓ તેમના પ્રતિનિધિઓને ચૂંટવામાં વધારે રસ દાખવશે.

**વન નેશન વન ઇલેક્શનથી રાષ્ટ્રને ખૂબ મોટો ફાયદો થવાનો છે એ બધું જાણતા હોવા છતાં પણ વિરોધ પક્ષોએ આનો વિરોધ કર્યો છે. કારણ કે વિરોધ કરવો એનો ધંધો બની ગયો છે. રાષ્ટ્ર માટે ફાયદાકારક હોય તેનો પણ વિરોધ કરવામાં વિપક્ષો અચકાતા નથી. તેમના કહેવા મુજબ રાષ્ટ્રના સંઘીય ઢાંચાને આ બિલ નબળું પાડશે.**

## શબ્દ સંજોગ-૧૯૨૦



**આડી ચાવી :**
(૧) પ્રસિધ્ધ યાત્રાધામ (૩)
(૩) ભાષાંતર, અનુવાદ (૪)
(૬) વસ્ત્ર (૩)
(૭) મોટી નદી (૨)
(૮) પુત્ર (આ-અ) (૩)
(૧૦) અવાજ (૨)
(૧૨) એક વાનગી (૨)
(૧૪) મંગળ ફળ (૩)
(૧૫) સોનું, ધંતૂરો (૩)
(૧૭) મીઠા વિનાનું (૩)
(૧૯) એક રાશિ (૩)
(૨૧) ફિલ્મ : એક ફૂલ દો...... (૨)
(૨૨) આડી ચાવીનો ૨૫ નો પર્યાય (૨)
(૨૩) એક દેવતા (૩)
(૨૫) આડી ચાવીનો ૨૨નો પર્યાય (અ) (૨)
(૨૬) દલાઈ..... (૨)
(૨૭) એક કઠોળ (૨)
(૨૮) માત્ર, કેવળ (૨)
(૨૯) મમરા જેવા નાના કણ (૩)

**ઉભી ચાવી :**
(૧) ખાસ, પોતીકું (૩)
(૨) આયુષ્ય, જિંદગી (૩)
(૩) તિરસ્કાર, ધૃણા (આ-અ) (૪)
(૪) એક અંગ્રેજી મહિનો (૨)
(૫) ગણપતિ દાદાને ભાવે (૩)
(૯) પ્રાચીન યુનાન દેશનો રહેવાસી (૩)
(૧૧) આમળો (૨)
(૧૩) ગાંઠ જેવો કઠણ સોજો (૩)
(૧૫) એક રાશિ (૨)
(૧૬) એક ફૂલ (૩)
(૧૭) એક તિથિ (૩)
(૧૮) જીભ (૨)
(૨૦) આનંદ માનતું (૪)
(૨૨) માહિતગાર (૩)
(૨૪) એક પક્ષી (૩)
(૨૭) બાળભાષામાં ખાવાનું (૨)

## શબ્દ સંજોગ-૧૯૧૯ જવાબ

**આડી ચાવી:** (૧) કૂર્માવતાર (૫) કાનન (૮) શતક (૯) નગર (૧૧) ઝરમર (૧૩) થાપ (૧૪) શુકન (૧૫) પર (૧૭) વક્ર (૧૮) નૈતિક (૧૯) ધૂમ (૨૧) સિવાય (૨૩) મનોરથ (૨૫) રાતબ (૨૭) વ્યક્ત (૨૮) ભાણ (૨૯) હુત (૩૧) ગાથા (૩૨) કેરોસિન.
**ઉભી ચાવી:** (૧) કૂબો (૨) વશ (૩) તાત (૪) રકઝક (૫) કાનમ (૬) નગરપતિ (૭) નર (૧૦) દ્વીપ (૧૨) રન (૧૩) ધામધૂમ (૧૪) શુક્ર (૧૬) રકમ (૧૮) નૈયત (૨૦) મનોવ્યથા (૨૨) વારાણસી (૨૪) રકત (૨૬) બહુ (૨૮) ભારો (૩૦) તન.

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૮૮ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૫૯૮ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૮૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૧૫ |
| બાજરી | ૪૩૦ | ૫૪૦ |
| તુવેર | ૧૦૫૧ | ૨૧૨૧ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૬૨૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૭૪૧ |
| મગ | ૧૦૮૦ | ૧૮૫૦ |
| વાલ દેશી | ૮૨૫ | ૧૨૬૫ |
| ચોળી | ૧૬૦૦ | ૨૮૦૦ |
| મઠ | ૬૬૦ | ૧૦૩૭ |
| કળથી | ૮૭૫ | ૧૧૨૫ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૮૮૦ | ૧૨૪૪ |
| તલી | ૨૧૦૦ | ૨૫૫૦ |
| એરંડા | ૧૦૦૧ | ૧૧૯૪ |
| સુવા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૪૧ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૪૫ |
| કાળા તલ | ૩૧૫૦ | ૪૯૯૨ |
| લસણ | ૨૦૦૦ | ૪૧૫૦ |
| ધાણા | ૧૩૪૦ | ૧૫૪૧ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૩૫૫૦ |
| ધાણી | ૧૩૮૦ | ૧૫૮૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૬૬૪ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૫૫૧ |
| રાય | ૧૦૪૦ | ૧૨૬૬ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૬૪ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૦૨ |
| રજકાનું બી | ૩૮૫૦ | ૪૬૦૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૧૧ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૫૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૫૦૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૨૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૯૦૦ |
| વાલોળ | ૩૬૦ | ૫૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૦૦ | ૨૨૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૮૫૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૭૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તુવેરસીંગ | ૬૦૦ | ૯૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૪૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૫૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૪૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૮૦૦ | ૧૪૬૦ |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૬૫ |
| ગિરનારી શીંગ | ૧૦૦૬ | ૧૩૩૧ |
| શિંગ મોટી | ૮૪૦ | ૧૨૨૫ |
| શિંગદાણા ફાડા | ૯૦૦ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૨૭૪૫ |
| તલ કાળા | ૩૦૦૦ | ૫૦૨૫ |
| તલ કાશ્મીરી | ૨૯૦૦ | ૩૩૦૫ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૩૪ |
| ઘઉં લોકવન | ૫૭૮ | ૬૫૬ |
| અડદ | ૯૦૦ | ૧૬૫૧ |
| ચણા | ૬૮૦ | ૧૪૧૦ |
| તુવેર | ૯૧૦ | ૧૮૨૩ |
| એરંડા | ૧૦૧૫ | ૧૧૯૨ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૬૩૦ |
| ઈસબગુલ | ૨૧૩૦ | ૨૧૩૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૬૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૮ |
| મરચાલાંબા | ૫૦૦ | ૨૬૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૬૦ | ૫૪૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૨૨૦ | ૩૨૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૪૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૨૦ | ૪૦૦ |
| કારેલા | ૪૫૦ | ૬૫૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૨૦ |
| વટાણા | ૧૧૮૦ | ૧૪૨૦ |
| ચોળાશીંગ | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૭૪૦ |
| તુવેર | ૬૨૦ | ૮૪૦ |
| હળદરલીલી | ૮૧૦ | ૧૦૨૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૪૦ |
| મેથીભાજી | ૫૨૦ | ૬૨૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૫૦ |
| બીટ | ૩૨૦ | ૮૨૦ |
| સરગવો | ૮૨૦ | ૧૬૨૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૩૩૦ |
| મરચાલીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચાલાલ | ૪૫૦ | ૧૧૦૦ |
| ડુંગળીલીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળીસૂકી | ૨૦૦ | ૫૦૦ |
| લસણલીલુ | ૩૮૦૦ | ૪૪૦૦ |
| લસણસૂકુ | ૪૭૦૦ | ૬૨૨૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૨૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૩૨૦ | ૪૩૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૪૦૧ | ૧૪૫૪ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૬૧૨ | ૭૬૮ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૬ | ૧૧૭૬ |
| તલકાળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૫૭૧ |
| વરીયાળી | ૧૨૪૧ | ૧૨૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૩૧ |
| લસણસુકુ | ૧૧૧૧ | ૩૭૮૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૫૦૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૭૫૧ |
| મઠ | ૨૬૧ | ૮૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૮૦૧ |
| રાજગરો | ૧૧૩૧ | ૧૧૩૧ |
| મેથી | ૯૦૦ | ૧૧૦૧ |
| કાંગ | ૧૦૮૧ | ૧૦૮૧ |
| મરચા | ૫૫૧ | ૨૭૫૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૨૨૫ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૬૭૧ |
| તલ-તલી | ૧૮૦૦ | ૨૬૮૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૭૯૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૬૬ |
| બાજરો | ૪૬૧ | ૫૨૧ |
| જુવાર | ૭૩૧ | ૯૧૧ |
| મગ | ૧૦૫૧ | ૧૯૩૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૧૧ |
| વાલ | ૫૬૧ | ૧૬૨૫ |
| ચોળા/ચોળી | ૮૦૧ | ૨૬૪૧ |
| સોયાબીન | ૭૦૧ | ૫૮૩૧ |
| અરીઠા | ૧૫૧ | ૪૦૦ |
| ગોગળી | ૮૩૧ | ૮૩૫ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૩૦ | ૧૪૬૧ |
| મગફળી જીણી | ૯૭૦ | ૧૦૬૦ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૧૬૦ |
| શીંગ ગિરનાર | ૧૧૦૦ | ૧૨૬૦ |
| તલ | ૨૦૦૦ | ૨૪૬૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૧૦ |
| ઘઉં | ૫૩૦ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૪ |
| બાજરો | ૪૦૦ | ૬૦૦ |
| જુવાર | ૪૦૦ | ૬૨૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૭૯૮ |
| રાયડો | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૬૭૫ | ૭૯૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૪૯૬ |
| કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૮૦ |
| મગફળી | ૯૪૮ | ૧૦૬૨ |
| મગફળી બીટી | ૯૪૮ | ૧૦૬૨ |
| અડદ | ૧૧૭૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૫૦૭ | ૬૬૩ |
| તલ | ૧૯૯૦ | ૨૨૮૦ |
| તલ કાળા | ૩૯૨૫ | ૪૪૭૫ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૪૮૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૩૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૧૪ |
| અડદ | ૯૫૦ | ૧૩૫૫ |
| સોયાબીન | ૬૨૫ | ૮૦૦ |
| ચણા | ૧૨૧૪ | ૧૨૨૧ |
| મગફળી | ૫૦૦ | ૯૦૦ |
| ચણા | ૧૨૧૪ | ૧૨૨૧ |
| શીંગદાણા | ૧૧૨૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૧૧૬૫ | ૧૩૯૫ |
| જુવાર | ૭૦૧ | ૭૦૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૦ | ૧૧૮૫ |
| તલ | ૨૧૫૧ | ૨૭૦૦ |
| તલપીળા | ૨૮૭૨ | ૩૩૫૪ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૪૫ |
| બાજરો | ૫૦૦ | ૬૨૩ |
| ઘઉંટુકડા | ૫૭૨ | ૬૪૫ |
| જુવાર | ૫૨૦ | ૮૨૧ |
| મગ | ૧૩૦૦ | ૨૧૭૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૫૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૮૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૧ | ૧૪૫૨ |
| મગફળી | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૫૬૧ | ૫૮૨ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૦૧ |
| અડદ | ૧૩૮૦ | ૧૪૫૦ |
| તલ | ૨૩૨૩ | ૨૩૨૩ |
| જીરૂ | ૪૨૨૧ | ૪૩૫૧ |
| ધાણા | ૯૦૦ | ૧૩૦૧ |
| છોલે ચણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| શીંગફાડા | ૧૧૦૦ | ૧૧૬૨ |
| સોયાબીન | ૬૨૬ | ૮૧૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૪૭૫ |
| બાજરો | ૫૦૦ | ૬૦૫ |
| ઘઉં | ૪૭૫ | ૬૬૧ |
| અડદ | ૬૦૫ | ૧૫૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૨૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૮૮ |
| લસણ | ૨૦૦૦ | ૪૦૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૬૦૦ |
| અજમો | ૧૮૮૦ | ૩૭૫૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૧૫ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૫૦૦ |
| મરચા સૂકા | ૭૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૨૧૨ |
| શીંગ ૩૨ | ૯૩૨ | ૧૦૩૪ |
| શીંગ ૩૯ | ૯૪૦ | ૧૧૫૪ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૩૪ |
| જુવાર | ૩૭૦ | ૮૭૭ |
| બાજરી | ૪૩૪ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૭૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૨૯૨ |
| મગ | ૧૧૮૦ | ૧૬૮૦ |
| મગદેશી | ૧૭૫૦ | ૨૨૫૪ |
| સોયાબીન | ૭૮૮ | ૮૧૪ |
| ચણા છોલે | ૧૯૫૦ | ૨૨૯૦ |
| તલ સફેદ | ૧૯૦૧ | ૨૩૭૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૧૫૦ |
| ડુંગળી લાલ | ૧૩૦ | ૫૧૫ |
| ડુંગળી સફેદ | ૨૨૫ | ૪૦૦ |
| કપાસ શંકર | ૧૧૩૯ | ૧૪૨૩ |
| નાળીયેર | ૭૨૦ | ૨૨૨૫ |
| કળથી | ૧૨૦૦ | ૧૨૦૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૪૬૩ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૬ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૨૦૬ |
| અડદ | ૯૦૬ | ૧૩૯૬ |
| મગફળી | ૭૦૦ | ૧૧૭૬ |
| શીંગફાડા | ૯૦૧ | ૧૧૦૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**સહકારના માધ્યમથી નવા ઉદ્યોગ સાહસિકો આગળ વધે તે માટે ગાંધીનગર ખાતે**

# દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને એસસી-એસટી બિઝનેસ સમિટ કાર્યક્રમ યોજાયો

અમેરલી, તા.૧૮



ઉભરતા ઉદ્યોગ સાહસિકો જંગી નાણાકીય મૂડી રોકાણ વિના સહકારના માધ્યમથી આગળ વધે તે માટે ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય સહકારી અગ્રણી ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. દિલીપભાઈ સંઘાણી જણાવ્યું હતું કે, આ કાર્યમાં જ્યાં જરૂરત જણાય ત્યાં સહકાર સહયોગી બનશે તેવી ખાત્રી સાથે ઓછા રોકાણવાળી રાષ્ટ્રીય સ્તરે સફળ સહકાર મંડળીઓના ઉદાહરણ ટાંક્યા હતા. આ સમિટમાં પદ્મ રમીલાબેન ગામીત, અશ્વિનભાઈ બેકર, ઉદ્યોગપતિ ભગવાનભાઈ ગવે, જયેશભાઈ ખાડે, સવિતાબેન કોલસાવાલા, ડો. સુનહરાબેન લતા, વિશાખાબહેન ગાયકવાડ, રાજેશભાઈ સોલંકી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

**ડ્રાયવરને ગંભીર ઈજાઓ થતાં રાજકોટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો**

# સાયલા હાઈવે પર અકસ્માત : એક મહિલા સહિત બે લોકોના મોત


સુરેન્દ્રનગર,તા.૧૮



સાયલા હાઈવેના ગોસલ બોર્ડ પાસે વધુ એક અકસ્માત સર્જાવાની ઘટના સામે આવી છે. વાહન ચાલક દિનેશભાઈ ધનજી પાનેલા ઉ.વ. ૬૨, દિલ્હીથી કામ અર્થે પરત ફરતા હતા દરમિયાન સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ખોટી દિશામાં જઈ રહેલી આઈશર ટ્રક ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે અંદર બેઠેલા જામનગરના રહેવાસી ૫૩ વર્ષીય જયાબેન અભયભાઈ ભીંડીએ ટ્રકના ધાબા પરથી કૂદી પડતાં ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજ્યું હતું. ડ્રાઈવર દિનેશભાઈને પણ ઈજાઓ થતાં તેને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતા સાયલા પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતકના મૃતદેહને સાયલા સરકારી દવાખાને લઈ તેના પરિવારજનોને જાણ કરી હતી અને મૃતક મહિલાની લાશ પોસ્ટમોર્ટમ બાદ તેના પરિવારજનોને સોંપવામાં આવી હતી.

# ગોધરામાંથી બે શંકાસ્પદ લોકોને દબોચતી એટીએસ

ગોધરા,તા.૧૮



પંચમહાલના ગોધરાના બે શખ્સો ૨૫ દિવસ પાકિસ્તાનથી રોકાઈને ગુજરાત પરત ફર્યા હોવાની પોલીસને જાણકારી મળી હતી. ત્યારબાદ ગુજરાત ATSની ટીમ દ્વારા ગોધરામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં ગોધરામાંથી બે શંકાસ્પદ શખ્સોને ATSએ દબોચી લઈ એસપી કચેરી ખાતે વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, પંચમહાલના ગોધરા શહેરમાં વહેલી સવારથી ગુજરાત ATSએ સ્થાનિક પોલીસને સાથે રાખી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. જેમાં ATSએ ૨૫ દિવસ પાકિસ્તાનમાં રોકાયેલા બે શખ્સની અટકાયત કરી હોવાની જાણકારી મળી રહી છે.

# ખેડૂતોને શિયાળુ પાક માટે સિંચાઈથી પાણી પુરૂ પાડવામાં આવશે : ઋષિકેશ પટેલ

ગાંધીનગર,તા.૧૮



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિગતવાર માહિતી આપી હતી. તેમણે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સહિત રાજ્યના મુખ્ય ૨૦૭ જળાશયોમાં પાણીની મબલખ આવક થઈ છે. હાલ ગુજરાતના ૨૦૭ જળાશયની કુલ સંગ્રહ ક્ષમતા સામે ૮૮ ટકા જેટલો એટલે કે, ૭.૮૫ લાખ એમસીએફટીથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે ગત વર્ષની સરખામણીએ ૪ ટકા વધુ છે. વિસ્તારવાર જોઈએ તો, ઉત્તર ગુજરાતના જળાશયોમાં ૬૫ ટકા, મધ્ય ગુજરાતના જળાશયોમાં ૯૨ ટકા, દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ૯૧ ટકા, સૌરાષ્ટ્રના જળાશયોમાં ૮૬ ટકા અને કચ્છના જળાશયોમાં ૬૨ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર જળાશયમાં પણ ૯૦ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના જળાશયોની પરિસ્થિતિને ધ્યાને લેતા સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને શિયાળુ પાકના વાવેતરમાં સુગમતા રહેશે, તેમ પ્રવક્તા મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું.

# બીઝેડ કૌભાંડ બાદ નાની પોન્ઝી સ્કીમના સંચાલકો પણ ફરાર

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં બીઝેડ કૌભાંડે ઉહાપોહ મચાવ્યો હતો. આ કૌભાંડનો પર્દાફાશ થયા બાદ બીઝેડ સહિત ૪ સ્કીમ સામે ફરિયાદ નોંધાઈ છે. અન્ય નાની પોન્ઝી સ્કીમના સંચાલકો સામે સીઆઈડી ક્રાઈમ દ્વારા ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ફરિયાદ બાદ ભૂપેન્દ્ર ઝાલા ઉપરાંત અન્ય પોન્ઝી સ્કીમના સંચાલકો સીઈઓ પણ ફરાર થયા હતા. સંખ્યાબંધ ટીમો તપાસ માટે સક્રિય હોવા છતાં ફરાર આરોપીઓ પોલીસની પકડમાં આવી રહ્યા નથી. તેમજ કરોડોનું રોકાણ કરાવનાર શિક્ષક અને અધિકારી એજન્ટો પણ પોલીસ પકડથી દૂર છે. બીઝેડ સિવાય હરસિદ્ધ ગ્રુપ અને આરકે સ્કીમના સંચાલકો સામે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે. અને આ પોન્ઝી સ્કીમના સંચાલકો ફરિયાદ બાદ પણ ઝડપાયા નથી. સાબરકાંઠા અને અરવલ્લીના સંચાલકોને શોધવા અનેક ટીમો સક્રિય થઈ છે.

# મહુવામાં ટીબી મુક્ત અભિયાનનો પ્રારંભ, હનુમંત હોસ્પિટલની પહેલ

મહુવા, તા.૧૮



તસવીર : ગોપાલ રાઠોડ

ભાવનગર જિલ્લાના મહુવામાં ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ એક નવી પહેલ કરવામાં આવી છે. હનુમંત હોસ્પિટલ અને પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે એક મોબાઈલ એક્સ-રે વાન શરૂ કરવામાં આવી છે. આ વાન ગ્રામ્ય વિસ્તારોમાં જઈને લોકોનું ટીબીનું સ્ક્રીનીંગ કરશે. કેન્દ્ર સરકારના ૧૦૦ દિવસના ટીબી મુક્ત અભિયાન અંતર્ગત આ પહેલ કરવામાં આવી છે. વાન દ્વારા સ્થળ પર જ દર્દીઓનું સ્ક્રીનીંગ કરી શકાય છે અને ટીબી રોગનું નિદાન કરી શકાય છે. આ અભિયાનનો પ્રારંભ ભાવનગર કલેક્ટર આર.કે. મહેતાએ કર્યો હતો. તેમણે આ પહેલને બિરદાવી હતી અને કહ્યું હતું કે આ અભિયાનથી ટીબી રોગને નાબૂદ કરવામાં મોટી મદદ મળશે. આ અભિયાનમાં હનુમંત હોસ્પિટલના સીઈઓ ડૉ. ચિંતન શનિશ્વરા, હનુમંત હોસ્પિટલના ટ્રસ્ટી ડૉ. કે.ડી. પારેખ, હનુમંત હોસ્પિટલના કાયમી પલ્મોનોલોજિસ્ટ ડૉ. બકુલ કળસરીયા, હનુમંત હોસ્પિટલની ટીમ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ચંદ્રમણી કુમાર તથા જિલ્લાની ટીમ ખાસ ઉપસ્થિત રહી હતી.

# ધોરાજીમાં ૧૮ જેટલા ટીપર વાહનો દ્વારા ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરતા કર્મચારી હડતાલ પર

ધોરાજી, તા.૧૮



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી શહેરમાં ૧૮ જેટલા ટીપર વાહનો દ્વારા ધોરાજી શહેરના વિવિધ વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરવામાં આવે છે જેમાં ૩૬ જેટલા ડ્રાઈવર અને હેલ્પર ફરજ બજાવી રહ્યા છે. ત્યારે છેલ્લા પાંચ દિવસથી ડોર ટુ ડોર ઘન કચરાનું કલેક્શન કરતાં કર્મચારીઓએ હડતાલ કરી દેતા શહેરમાં કચરો એકત્રિત કરવાની કામગીરી ઠપ્પ થઈ જવા પામી છે જેને કારણે શહેરીજનોને હાલાકી ઉઠાવવી પડી રહી છે. આ મામલે આજરોજ ટીપર વાનના ડ્રાઈવર અને હેલ્પરોએ નગરપાલિકા પટાંગણ ખાતે આવી એજન્સી દ્વારા પોતાને સમયસર પગાર મળતો ન હોય તેમજ પીએફની જમા થતી રકમ અંગે કોઈ માહિતી આપતા ન હોવાની રજૂઆત કરી એજન્સી વિરુદ્ધ સૂત્રોચ્ચાર પોકારી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને કર્મચારીઓએ જણાવેલ કે પગાર બાબતમાં અમારે નિયમિતતા રહેતી નથી તેમ જ પીએફની રકમ કાપવામાં આવે છે પરંતુ તેની કોઈ માહિતી અમને આપવામાં આવતી નથી તેવું જણાવ્યું હતું.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની રેકોર્ડબ્રેક આવક સાથે ભાવમાં કડાકો બોલ્યો

ગોંડલ, તા.૧૮



સૌરાષ્ટ્ર ગુજરાતનું અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજરોજ ડુંગળીની રેકોર્ડબ્રેક આવક નોંધાઈ હતી. યાર્ડ બહાર ગઈકાલ સવારથી સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાની જણસી લઈને આવી પહોંચ્યા હતા અને રાત્રીના ૯ વાગ્યા સુધીમાં અંદાજે ૨૫૦૦ થી વધુ વાહનોની ૧૦ થી ૧૨ કિલોમીટર લાંબી લાઈનો લાગી જવા પામી હતી. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં અંદાજે ત્રણ લાખ કટ્ટાની રેકોર્ડબ્રેક આવક થવા પામી હતી. ગોંડલ માર્કેટિંગ યાર્ડ લાલ ડુંગળીથી ઉભરાયું હતું. યાર્ડમાં જગ્યા ન હોવાને કારણે હજુ પણ યાર્ડની બહાર ડુંગળી ભરેલ ૪૦૦ જેટલા વાહનોની લાઈનો લાગી છે. જોકે ડુંગળીની રેકોર્ડબ્રેક આવક થતા ભાવમાં કડાકો બોલ્યો હતો. ડુંગળીની આવક વધી જતા યાર્ડના સત્તાધીશો દ્વારા હાલ પુરતી ડુંગળીની આવક સદંતર બંધ કરવામાં આવી છે.

# ધોરાજી પોલીસે ૫૬ દારૂની બોટલો સાથે શખ્સને ઝડપ્યો

**પોલીસે યુવક સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી**

ધોરાજી, તા.૧૮

ધોરાજી સિટી પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન ધોરાજીના ફરેણી રોડ પર થેલા સાથે શંકાસ્પદ હાલતમાં ઉભેલ શખ્સ જોવા મળ્યો હતો. પોલીસે તુરંત શખ્સની પૂછપરછ હાથ ધરીને થેલાની તપાસ હાથ ધરવામાં આવતાં બંને બેગો તપાસતા તેમાંથી દારૂની ૫૬ બોટલ મળી આવતાં પોલીસે આરોપી કીશન જગદીશ(ઉ.વ.૧૯) રહે. ધોરાજી વાળાને ઝડપી પાડીને પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનાની વધુ તપાસ પીઆઈ રવી ગોધમે હાથ ધરી છે.

# કોડીનાર શિંગોડા નદીમાં જાળમાં યાયાવર પક્ષીઓનું ઝુંડ ફસાયું : ૫ જેટલા પક્ષીઓના મોત

કોડીનાર, તા.૧૮



તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર શહેરની મધ્યમાં શિંગોડા નદીના પટમાં માછીમારી કરવા માટે અજાણ્યા ઈસમોએ જાળ નાખેલ જેમાં વિદેશી કજિયા પક્ષીનું ગ્રુપ ફસાયેલ છે એવા ટેલિફોનીક સમાચાર પ્રકૃતિ નેચર કલબના સભ્યોને મળતા તેઓ આ વિદેશી પક્ષીઓને બચાવવા પહોચી ગયેલ હતા. આ ઘટનાની જાણ વન વિભાગના કર્મચારીઓને પણ થતાં તેઓ પણ ઘટના સ્થળે ઘસી આવેલ અને તાત્કાલિક ધોરણે વન વિભાગ અને પ્રકૃતિ નેચર કલબના સભ્યોએ આ જાળમાં ફસાયેલ પક્ષીઓને મુક્ત કરવાની કામગીરી હાથ ધરી જાળ કાપી અને તમામ ફસાયેલા પક્ષીઓને મુક્ત કર્યા હતા. જે પૈકી અમુક પક્ષીઓ કમનસીબે મૃત્યુ પામ્યા હતા. આ ઘટનાથી પ્રકૃતિ પ્રેમીઓમાં અને પક્ષી પ્રેમીઓમાં રોષ જોવા મળ્યો હતો.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.ભરતભાઈ મોહનલાલ માંડલિયાના પત્ની માલતીબેન ઉ.વ. ૫૪ તે બ્રિજેશભાઈ તથા ચાંદનીબેનના માતૃશ્રી તથા જગદીશભાઈ, હિતેશભાઈ, વિમલભાઈના ભાભીનું તા. ૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. બેસણું તા.૧૯ને ગુરુવાર સાંજે ૪ થી ૬ કોઠારીયાનાકા ખીજડા શેરી પાસે મામા સાહેબ મંદિર વાળી શેરી સોની સમાજની વાડી યુનિટ નં.૧ રાજકોટ ખાતે રાખેલ છે

**બગસરા**

બગસરાના પીઠડીયા ગામના નીવાસી રાજગોર બ્રાહ્મણ શિવલાલભાઈ માધવજીભાઈ મહેતા (ઉં.વ.૯૦) તે જીતુભાઈ, રમાબેન (રાજકોટ), મનીષાબેન (સુરત)ના પિતા, તા.૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા ૧૯ના રોજ સાંજે ૩ થી ૫ તેમના નિવાસ સ્થાન પીઠડીયા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ. હેમલતાબેન ચંદ્રવદન જોષીનું તા.૧૫/૧૨ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. ચંદ્રવદન જોષીના ધર્મપત્ની અને મીતાબેન હરેશકુમાર રત્નશ્વર અને પ્રિલીબેન રશ્મિકાંત રત્નશ્વરના માતૃશ્રી થાય છે. તેમનું બેસણું તા.૧૯/૧૨ના રોજ ૪થી ૫:૩૦ કલાકે ધ્યાશંકર પ્રગટેશ્વર મહાદેવ મશ્રિદર, પ્રકાશ સોસાયટી, નિર્માણ કોન્વેન્ટ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ**

મોરબી નિવાસી હાલ રાજકોટ જયસુખભાઈ રમણીકલાલ ધામેચા (ઉ.વ.૭૩)નું તા.૧૬/૧૨ના રોજ અવસાન થયેલ છે. તે મોરબીવાળા સ્વ. રમણીકલાલ પરસોતમભાઈ ધામેચાના મોટા પુત્ર, પ્રવિણભાઈ, રમેશભાઈ, અશોકભાઈ, દિલીપભાઈ, મનોજભાઈ તથા ભાવશેભાઈના મોટાભાઈ તેમજ મનિષભાઈ, તેજસભાઈ અને પિનલબેનના પિતાશ્રી થાય. તેમનું બેસણું તા.૧૯/૧૨ના રોજ સાંજે ૪થી ૫ કલાકે જાગનાથ મંદિર, ડો.યાજ્ઞિક રોડ સરવેશ્વર ચોકની સામે શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ. સવિતાબેન નાનજીભાઈ ભાલીયા (ઉ. વ.૭૦)નું તા.૧૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે છગનભાઈ નાનજીભાઈ ભાલીયાના માતા, કનુભાઈ છગનભાઈ ભાલીયા, ભાવેશભાઈ છગનભાઈ ભાલીયા, વિપુલભાઈ છગનભાઈ ભાલીયાના બા થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૯/૧૨/૨૪ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાને કાનજીબાપુની જગ્યા પાસે અમરેલી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે .

**સાવરકુંડલા**

હરજીભાઈ સવજીભાઈ ઠુંમર (ઉ. વ.૮૧)નું તા.૧૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રમેશભાઈ હરજીભાઈ ઠુંમર, દિનેશભાઈ હરજીભાઈ ઠુંમર, ભનુભાઈ હરજીભાઈ ઠુંમરના પિતા થાય છે. તેમનું સદગતનું બેસણુ તા.૧૯ના રોજ સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી અમારા નિવાસ સ્થાને ભુવા રોડ ઠુંમર વાડી ''નિલકંઠ વર્ણી" સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

શૈલેષભાઈ નંદલાલભાઈ રાઠોડ (ઉ. વ.૪૫)નું તા.૧૭ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે વિનુભાઈ એન. રાઠોડ, કિશોરભાઈ એન. રાઠોડ ( શૈલેશભાઈ વેલ્ડિંગ વર્કસ વાળા)ના નાનાભાઈ થાય. તેમનું ઉઠમણું તા.૧૯ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાને "સરોજ નિવાસ" મંગલમ સોસાયટી, હવેલી પાસે, જેસર રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ. કાંતિભાઈ પોપટભાઈ ભાલીયા (ઉ.વ.૬૯)નું તા.૧૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સંજયભાઈ કાંતિભાઈ ભાલીયાના પિતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૯ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે શામજી બાપુ ઉપવન વાડી ગોકુલનગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

પરશોત્તમભાઈ મનજીભાઈ સરવૈયા (ઉ.વ.૭૮)નું તા.૧૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે જીતેન્દ્રભાઈ પરશોત્તમભાઈ સરવૈયા, નીતાબેન પરશોત્તમભાઈ સરવૈયાના પિતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૯ના સાંજે ૪ થી ૬ કલાકે "નાથીમા ઉપવન" સમસ્ત કોળી તળપદા જ્ઞાતિની વાડી કાપેલ ધાર પાસે દશામાળી વાડીની બાજુમાં સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

રમેશભાઈ કાંતિભાઈ સિકોતરા ઉ.વ.૭૦ (કલા મંદિર વાળા) તા. ૧૮ના રોજ અવસાન પામેલ છે. તે હિરેનભાઈ રમેશભાઈ સિકોતરા તેમજ જયાબેન રાજેશકુમાર ભરખડા (સાવરકુંડલા)ના પિતાજી તેમજ ચંદ્રેશભાઇ કાંતિભાઈ સિકોતરા અને ગૌ.વા. શારદાબેન બાબુભાઈ જાદવ અમદાવાદ, ભારતીબેન પ્રવીણભાઈ ડોડીયા અમદાવાદ, ગૌ.વા.જ્યોતિબેન રાજેન્દ્રકુમાર આમરસેડા રાજકોટ, માલતીબેન શરદકુમાર ગોહેલ અમદાવાદના મોટાભાઈ થાય તેમજ ગૌરવ અને વૃંદાબેનના દાદા થાય. સદગતનું બેસણું તા. ૧૯ના રોજ બપોરના ૪ થી ૬ કલાકે વાંઝાજ્ઞાતિ વાડી વાંઝાવાડ દલાલ ચોક બગસરા રાખેલ છે.

**CHANGE OF NAME**

I Undersigh DESAI SURESHBHAI BHIKHABHAI have changed my name from DESAI SURESHKUMAR BHIKHABHAI To DESAI SURESHBHAI BHIKHABHAI (New) Now i will be known as DESAI SURESHBHAI BHIKHABHAI (New)
Sigh : DESAI SURESHBHAI BHIKHABHAI
Address:PITHAVAJAL,AT-PITHAVAJAL,
DIST-AMRELI - 365610, GUJARAT INDIA

**CHANGE OF NAME**

I Undersigh I DESAI FALGUNIBEN SURESHBHAI have changed my name from PATEL FALGUNI SAVAJIBHAI (Befor marriage) To DESAI FALGUNIBEN SURESHBHAI (After marriage) Now i will be known as DESAI FALGUNIBEN SURESHBHAI
Sigh : DESAI FALGUNIBEN SURESHBHAI
Address:PITHAVAJAL,AT-PITHAVAJAL,
DIST-AMRELI - 365610, GUJARAT INDIA

# ભાજપના તમામ સાંસદોને હાજર રહેવા સૂચના છતાં લોકસભામાં ૨૦ સાંસદો ગેરહાજર રહ્યા

**ભાજપ આ તમામ સાંસદોને નોટિસ આપી શકે છે**

ન્યુ દિલ્હી,તા.૧૮




ભારતીય જનતા પાર્ટી (BJP) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, જ્યોતિરાદિત્ય સિંધિયા અને ગિરિરાજ સિંહ સહિત ૨૦ સાંસદોને નોટિસ મોકલી શકે છે. મંગળવારે 'એક દેશ, એક ચૂંટણી' (NOE) બિલની રજૂઆત દરમિયાન લોકસભામાં હાજર નહોતા તેવા તેના સાંસદોને ભાજપ નોટિસ આપશે. ભાજપે વ્હીપ જાહેર કર્યો હતો અને બિલની રજૂઆત દરમિયાન પક્ષના તમામ સાંસદોને લોકસભામાં હાજર રહેવા સૂચના આપી હતી. આનો અનાદર કરવા બાબતે સાંસદોને નોટિસ મોકલીને કારણ પૂછવામાં આવશે. જો કે, આ તમામ સાંસદોએ પાર્ટીને તેમની ગેરહાજરી અંગે અગાઉથી જાણ કરી હતી કે કેમ તે અંગે હજુ સુધી પુષ્ટિ થઈ નથી. કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ, નીતિન ગડકરી, જ્યોતિરાદિત્ય સિંધિયા અને સીઆર પાટીલ, શાંતનુ ઠાકુર, જગદંબિકા પાલ, બીવાય રાઘવેન્દ્ર, વિજય બઘેલ, ઉદયરાજે ભોસલે, જગન્નાથ સરકાર, જયંત કુમાર રોય, વી સોમન્ના, ચિંતામણિ મહારાજ સહિત કુલ ૨૦ સાંસદો ગૃહમાં હાજર ન હતા.

# મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયા નજીક બોટને અકસ્માત થતા ૧૩ના મોત

**એલિફન્ટા જઈ રહેલી બોટમાં ૧૦૦થી વધુ મુસાફરો સવાર હતા**

મુંબઈ,તા.૧૮




મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયાથી એલિફન્ટા જઈ રહેલી બોટને અકસ્માત નડ્યો હતો. જેમાં ૩ લોકોના મોત થયા છે. બોટમાં ૧૦૦થી વધુ મુસાફરો સવાર હતા. આ ઘટના બપોરે ૩.૫૫ કલાકે બની હતી. અકસ્માત બાદ ૭૭ લોકોને બચાવી લેવાયા છે. મળતી માહિતી મુજબ, બોટ એક તેજ ગતિએ જઈ રહેલી નાની હોડી સાથે અથડાઈ હતી. જેના કારણે બોટમાં પાણી ભરાવા લાગ્યું હતું અને તે ડૂબી ગઈ હતી. કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસના સંકલનથી નૌસેના તરફથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. નૌસેનાની ૧૧ બોટ, મરીન પોલીસની ૩ બોટ અને કોસ્ટ ગાર્ડની ૧ બોટ તેમજ ૪ હેલિપોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, બોટ મુંબઈ નજીક 'એલિફન્ટા' ટાપુ તરફ જઈ રહી હતી, પરંતુ તે ઉરણ નજીક પલટી ગઈ. બોટ દુર્ઘટના બાદ નૌસેના, જેએનપીટી, કોસ્ટ ગાર્ડ, યલોગેટ પોલીસ સ્ટેશન અને સ્થાનિક ફિશિંગ બોટની મદદથી બચાવ કામગીરી કરી હતી. જે બોટ સાથે અકસ્માત સર્જાયો તેનું નામ નીલકમલ હતું. કોપ્ટર બચાવ કામગીરીમાં જોડાતા ૯૯ લોકોને બચાવી લેવાયા હતા.

# જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં રહેણાંક મકાનમાં આગ લાગતા ૬ લોકો ભડથુ

જમ્મુ કાશ્મીર, તા.૧૮

જમ્મુ કાશ્મીરના કઠુઆમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં શિવનગરમાં એક ઘરમાં આગ લાગવાથી ૬ લોકોના શ્વાસ રૂંધાઈ જતાં મોત થયા હતા. માહિતી મુજબ આ ઘરમાં લગભગ ૯ લોકો સૂતા હતા, જેમાંથી ૬ લોકોના મોત ગૂંગળામણને કારણે થયા હતા, જ્યારે ૩ લોકો બેભાન થઈ ગયા હતા. માહિતી અનુસાર મદદ માટે આવેલા એક પાડોશી પણ દુર્ઘટના વખતે બેભાન થઈ ગયા હતા. બેભાન થઈ ગયેલા લોકોને કઠુઆની જીએમસી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. શોર્ટ સર્કિટના કારણે ઘરમાં આગ લાગી હોવાની માહિતી પ્રાથમિક તપાસમાં સામે આવી હતી. માહિતી અનુસાર જેમના ઘરમાં આગ લાગી તે નિવૃત્ત પોલીસ અધિકારીનું મકાન હતું. જેમાં નિવૃત્ત ડીએસપી પણ મૃત્યુ પામ્યા હતા.

# સરકાર દેશના તમામ રાજયોમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરશે : અમિત શાહ

**કેન્દ્રીય ગૃહમંત્રીએ સંસદમાં કોંગ્રેસને આડેહાથ લીધી**

ન્યુ દિલ્હી,તા.૧૮



કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સંસદમાં કોંગ્રેસને બંધારણ મુદ્દે આડેહાથ લીધી હતી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ દેશના બંધારણને એક પરિવારની ખાનગી જાગીર માને છે, અને સત્તામાં રહેવા માટે તેમાં અનેક વખત સુધારા કર્યા છે. બંધારણના ૭૫ વર્ષ પર સંસદમાં ચર્ચા દરમિયાન અમિત શાહે આ નિવેદન આપ્યું હતું.

આ સાથે જ તેમણે રાહુલ ગાંધીની ઉંમર પર કટાક્ષ કરીને સવાલો ઉઠાવ્યા હતા. અમિત શાહે દાવો કર્યો હતો કે કોંગ્રેસ મુસ્લિમોને અનામત આપવા માટે અનામતના ૫૦ ટકાના કોટાની મર્યાદાને તોડવા માગે છે. સાથે જ સવાલ કર્યો હતો કે શું કોંગ્રેસ મુસ્લિમ પર્સનલ લોમાં વિશ્વાસ ધરાવે છે? કોંગ્રેસે ક્યારેય પણ પછાત વર્ગ માટે કામ નથી કર્યું. અમિત શાહે અન્ય એક મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપ ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ લાવી છે અને દેશના તમામ રાજ્યોમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવશે.

# ઓરિસ્સામાં ફાટક ઓળંગવાની ઉતાવળમાં પાંચ લોકોના મોત


કલુંગા,તા.૧૮




ઓરિસ્સાના કલુંગામાં ફાટક ઓળંગવાની ઉતાવળમાં ત્રણ બાઈક સવારો ટ્રેનની ઝપટમાં આવી જતા પાંચના કમકમાટીભર્યા મોત થયા હતા. આ અંગેની વિગત મુજબ ત્રણ બાઈક સવારો ફાટક બંધ હોવા છતાં ફાટકની નીચેથી પસાર થવા માંગતા હતા. નજરે જોનારાઓના જણાવ્યા મુજબ બાઈક સવારો ઉતાવળમાં ફાટક નીચેથી પસાર થવાની કોશિશ કરી રહ્યા હતા દરમિયાન પુરઝડપે આવેલી ટ્રેને બાઈક સવારોને ઠોકરે લેતા પાંચ લોકોના ઘટનાસ્થળે મોત થઈ ગયા હતા.

# નોઈડા વિસ્તારમાં ધુમ્મસને કારણે વાહનો વચ્ચે અકસ્માતમાં અનેક લોકો ઘાયલ

ન્યુ દિલ્હી,તા.૧૮



દેશમાં અનેક રાજ્યોમાં ધુમ્મસ તબાહી મચાવી રહ્યું છે. બુધવારે નોઈડાના દાદરી કોતવાલી વિસ્તારના દાદરી બાયપાસ પર સવારે ધુમ્મસના કારણે હાઈવે પર અનેક વાહનો અકસ્માતનો ભોગ બન્યા હતા. ગાઢ ધુમ્મસમાં વિઝિબિલિટી ઓછી હોવાને કારણે અડધો ડઝનથી વધુ વાહનો એકબીજા સાથે અથડાયા હતા. મળતી માહિતી પ્રમાણે સૌથી પહેલા મહિન્દ્રા મેક્સ અને કેન્ટર પહેલા અથડાયા હતા. ત્યાર બાદ પાછળથી આવી રહેલા વાહનો ધડાકાભેર અથડાવા લાગ્યા. હાઈવે પર ઓછી વિઝિબિલિટીના કારણે કેટલાક વાહનો રસ્તાની બાજુની રેલિંગ સાથે પણ અથડાયા હતા. આ અકસ્માત બિશારા ફ્લાયઓવરથી બુલંદશહેર તરફ જતા રોડ પર થયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. અકસ્માતમાં ઘણા લોકોને નાની મોટી ઈજાઓ થઈ હતી. જેથી દાદરી કોતવાલી પોલીસ તાત્કાલિક રાહત અને બચાવ કાર્યમાં લાગી ગઈ હતી. અકસ્માતમાં નુકસાન પામેલી ગાડીઓને ક્રેનની મદદથી રોડ પરથી હટાવવામાં આવી હતી.

# ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વરસાદને કારણે ત્રીજી ટેસ્ટ ડ્રો

બ્રિસબેન,તા.૧૮



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચ બ્રિસ્બેનના ગાબા ખાતે યોજાઈ હતી. પાંચમા દિવસે વરસાદના કારણે મેચ રદ કરવામાં આવી હતી જેથી ત્રીજી મેચ ડ્રો રહી હતી. ભારતને મેચ જીતવા માટે ૨૭૫ રનનું લક્ષ્ય મળ્યું હતું. ત્રણ ટેસ્ટ મેચ બાદ બંને ટીમ સીરિઝમાં ૧-૧થી બરાબરી પર છે. મેચ ડ્રો થયા બાદ પણ ભારતીય ટીમની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચવાની આશા હજુ પણ અકબંધ છે. ત્રીજી ટેસ્ટ મેચ રદ થયા બાદ ભારત અને ઓસ્ટ્રેલિયા બંને ટીમોને ૪-૪ પોઈન્ટ મળ્યા છે. ICCના નિયમો અનુસાર મેચ રદ થયા બાદ બંને ટીમોને સમાન પોઈન્ટ મળે છે. જો કે આ મેચ બાદ WTC પોઈન્ટ ટેબલમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. ભારતીય ટીમ હજુ પણ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાન પર છે. આ સિવાય ઓસ્ટ્રેલિયા બીજા સ્થાને અને દક્ષિણ આફ્રિકા પહેલા સ્થાને છે. ગાબા ટેસ્ટ બાદ ઓસ્ટ્રેલિયાની ટીમ પાસે ૧૦૬ પોઈન્ટ છે અને ભારતીય ટીમ પાસે ૧૦૪ પોઈન્ટ છે.

# મણિપુરમાં ઘુસણખોરો સ્ટારલિંકનો ઉપયોગ કરતા હોવાનો ખુલાસો

ઈમ્ફાલ,તા.૧૮



ભારતીય સેના અને આસામ રાઈફલ્સે ઉત્તર-પૂર્વ ભારતના મણિપુરના સંઘર્ષ પ્રભાવિત વિસ્તારોમાંથી ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સના સ્ટારલિંક ઈન્ટરનેટનો ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું છે. આ ડિવાઈસ ચુરાચંદ્રપુર, ચંદેલ, ઈમ્ફાલ પૂર્વ અને કાંગપોકપી જેવા જિલ્લાઓમાં મળી આવ્યા છે. આ ઘટસ્ફોટ પછી, સુરક્ષા એજન્સીઓ અને સેના સતર્ક થઈ ગઈ છે, કારણ કે આ હાઈ ટેક્નોલૉજિકલ ડિવાઈસ ઘુસણખોરોની કોમ્યુનિકેશન સ્કિલ્સમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.

# પંજાબમાં ખેડૂતોએ પોતાની માંગના સમર્થનમાં ૩ કલાક સુધી ટ્રેન રોકી

ચંડીગઢ,તા.૧૮

પંજાબ-હરિયાણા બોર્ડર પર શંભુ-ખનૌરી બોર્ડર પર હડતાળ પર બેઠેલા ખેડૂતોના પક્ષમાં આજે સમગ્ર પંજાબમાં ટ્રેનો રોકી દેવામાં આવી હતી. દરેક જિલ્લામાં બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી ખેડૂતો રેલ્વે ટ્રેક પર બેસી ગયા હતા. લુધિયાણાના સાહનેવાલમાં ખેડૂતો રેલવે ટ્રેક પર બેસી જવાને કારણે દિલ્હી-અમૃતસર-દિલ્હી રૂટ પર ટ્રેનની અવરજવર અટકી પડી હતી. શાન-એ-પંજાબ એક્સપ્રેસ, કર્મભૂમિ એક્સપ્રેસ, સિયાલદાહ એક્સપ્રેસ અને દાદર એક્સપ્રેસ સહિત ચાર પેસેન્જર ટ્રેનો લુધિયાણા સ્ટેશન પર ઉભી રહી હતી. ફિલ્લૌર, ફગવાડા, જલંધર, બિયાસ અને ખન્ના, સરહિંદ, રાજપુરા અને અંબાલા પાસે ઘણી ટ્રેનો સિગ્નલની રાહ જોઈ રહી હતી.

# દાડમના ફળ મુદ્દે શરદ પવારની પીએમ મોદી સાથે મુલાકાત

ન્યુ દિલ્હી,તા.૧૮



દેશમાં ચાલી રહેલા કિસાન આંદોલન વચ્ચે શરદ પવારે કેટલાક ખેડૂતો સાથે આજે સંસદ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે ખેડૂતો સાથે સંબંધિત મુદ્દા પર ચર્ચા કરી હતી. મુલાકાત દરમિયાન શરદ પવાર સાથે સતારા અને ફલ્તાનના દાડમના બે ખેડૂતો પણ હતા. પવારે જણાવ્યું કે, પીએમ મોદી સાથે મારી આ મુલાકાત ખેડૂતોના દાડમના ફળ મુદ્દે હતી. તેમણે પીએમ મોદી સાથે કોઈ પ્રકારની રાજનીતિક ચર્ચા નથી કરી. આ દરમિયાન તેમણે પીએમ મોદીને દાડમ પણ ભેટ કર્યા હતા. શરદ પવાર અને પીએમ મોદીની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે ખેડૂતો ફરી એક વખત રસ્તા પર ઉતર્યા છે. MSPની લીગલ ગેરંટી સહિતની અનેક માગણીઓને લઈને ખેડૂતો ફરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

# જો ભારત ટેરિફ વધારશે તો અમેરિકા પણ સમાન વધારો કરશે : ટ્રમ્પની ભારતને ધમકી

**અમે સંરક્ષણ ક્ષેત્રે ભારતના સંબંધોને અત્યાર સુધીની સૌથી મજબૂત સ્થિતિમાં લઈ ગયા છીએ : કર્ટ કેમ્પબેલ**

વોશિંગ્ટન,તા.૧૮



અમેરિકામાં સત્તામાંથી બહાર થઈ રહેલા રાષ્ટ્રપતિ જો બાઈડનની સરકારે કહ્યું છે કે તે ભારત સાથે અમેરિકાના સંબંધોને મજબૂત સ્થિતિમાં છોડીને જઈ રહ્યા છે. અમે આશા રાખીએ છીએ કે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદે રહેવા દરમિયાન પણ આ સંબંધો મજબૂત રહેશે. ટ્રમ્પ ભારત સાથે સંબંધોને આગળ વધારશે. આ તરફ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપતા કહ્યું છે કે જો ભારત અમેરિકા પર ટેરિફ લાદશે તો તેના જવાબમાં અમે પણ ભારત પર સમાન ટેરિફ લગાવીશું. બાઈડન સરકારમાં નાયબ વિદેશ મંત્રી કર્ટ કેમ્પબેલે મંગળવારે એક કોન્ફરન્સ દરમિયાન કહ્યું કે અમે છેલ્લા કેટલાક મહિનામાં ભારત સાથે સંબંધોને મજબૂત કરવા માટે કામ કર્યું છે. અગાઉ પણ બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત થઈ છે. તેમાં ડેલાવેરમાં યોજાનારી ક્વાડ સમિટનો પણ સમાવેશ થાય છે. કેમ્પબેલે કહ્યું કે અમે ઉદ્યોગ, ટેક્નોલોજી અને સંરક્ષણ ક્ષેત્રે ભારતના સંબંધોને અત્યાર સુધીની સૌથી મજબૂત સ્થિતિમાં લઈ ગયા છીએ. બંને દેશ હવે સ્પેસ સેક્ટર માટે પણ સાથે મળીને કામ કરી રહ્યા છે.

# મક્કા મસ્જિદમાંથી પકડાયેલા ૯૦% ભિખારીઓ પાકિસ્તાની હોવાનો ખુલાસો

મક્કા,તા.૧૮



તાજેતરમાં જ પાકિસ્તાન સરકારે ૪૩૦૦થી વધુ ભિખારીઓને નો ફ્લાય લિસ્ટમાં મૂક્યા છે. સાઉદી અરેબિયા અને અન્ય ખાડી દેશોની ચેતવણી બાદ પાકિસ્તાને આ પગલું ભર્યું છે. હકીકતમાં આરબ દેશોએ પાકિસ્તાનને કહ્યું હતું કે, તમે પાકિસ્તાનથી એવા લોકોને અહીં ન મોકલો કે જેઓ ધાર્મિક યાત્રાના વિઝા પર આવીને અહીં ભીખ માંગે છે. આ ઉપરાંત મક્કા મસ્જિદમાંથી પકડાયેલા ૯૦ ટકા ભિખારી પણ પાકિસ્તાની હોવાનું સામે આવ્યું છે. પાકિસ્તાન સામે ચિંતા વ્યક્ત કરતા સાઉદી અરેબિયાએ કરતા કહ્યું કે, જો પાકિસ્તાન ભિખારી મોકલવાનું બંધ નહીં કરે તો કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત પાકિસ્તાનને UAE અને અન્ય આરબ દેશોમાંથી પણ આ પ્રકારની ફરિયાદો મળી હતી. ફરિયાદો મળતા જ પાકિસ્તાને કાર્યવાહી હાથ ધરી હતી અને તેમાં દેશના ૪૩૦૦ ભિખારીઓને એક્ઝિટ કંટ્રોલ લિસ્ટ (ECL)માં મૂકવામાં આવ્યા હતા. એટલે કે હવે આ લોકો હજ અને ઉમરાહના બહાને દેશની બહાર નીકળી શકશે નહીં. પાકિસ્તાનના ગૃહમંત્રી એટલે કે ગૃહમંત્રી મોહસિન રઝા નકવીએ આ વાત શેર કરી છે.

**બેફામ ગતિએ વાહન હંકારનાર અને રોંગ સાઈડમાં વાહન ચલાવનાર સામે FIR દાખલ થશે**

# ટ્રાફિકનો નિયમ ભંગ કરનારાઓને સીધા જેલ હવાલે કરો : હર્ષ સંઘવી

અમદાવાદ,તા.૧૮

રાજયમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને નિવારવા ટ્રાફિક નિયમોની કડક અમલવારી થઈ રહી છે તેમ છતાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ નહી આવતા હવે બેફામ પુરપાટ ઝડપે ગાડીઓ દોડાવતા ઓવર સ્પીડ અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. ટ્રાફિક અવરનેસ માટે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદનાં સીપી અને ડીજીપીને કડક આદેશ કરતા જણાવ્યું હતું કે, ટ્રાફિકનાં નિયમોનું ઉલ્લંઘન કરનાર લોકોને દંડ ફટકારવાના બદલે તેની સામે એફઆરઆઈ દાખલ કરો અને સીધા જેલ હવાલે કરો.



વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, બેફામ ગતિએ વાહન હંકારનાર અને રોંગ સાઈડમાં વાહન ચલાવનાર સામે એફ.આર. આઈ. દાખલ થશે. સિગ્નલનો ભંગ કરનાર અને રોંગ સાઈડમાં વાહન ચલાવનારને દંડ ફટકારશો નહી સીધા જેલ હવાલે કરો આવા લોકોને સ્લેટ પકડાવી ફોટા પડાવવા માટે અમદાવાદનાં સીપી અને ડીજીપીને વધુ કડક થવા આદેશ કર્યો હતો.

# ગુજરાતમાં પાંચ વર્ષમાં ૪૭.૪૧ લાખ લોકોએ પીએમજેએવાયમાં સારવાર લીધી

ગાંધીનગર,તા.૧૮

અમદાવાદમાં પાત્રતા ન હોય છતાં પીએમજેએવાય- આયુષ્યમાન કાર્ડ બનાવી સરકારી યોજનાને લેભાગુ તત્વોએ રૂપિયા કમાવવાનું સાધન બનાવી દીધુ હોવાનું કૌભાંડ બહાર આવ્યું છે. બીજી તરફ ૨૦૧૯-૨૦થી ૨૦૨૩-૨૪ સુધી આયુષ્યમાન ભારત-પીએમ જેએવાય યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધી ૪૭,૪૧,૭૧૫ દર્દીએ સારવારનો લાભ લીધો છે. પીએમજેએવાય યોજનાનો લાભ લેવામાં ગુજરાત દેશમાં સાતમા નબરે છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પીએમજેએવાય યોજનાને લઈને જે કૌભાંડ પકડી પાડયું છે તેવું દેશમાં અન્યત્ર સ્થળોએ પણ કૌભાંડ ચાલતું હોવાની આશંકા નકારી શકાતી નથી. દરમિયાન રાજયસભામાં ૧૭ ડિસેમ્બરે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયે એક સવાલના જવાબમાં આંકડા જારી કર્યા છે. તે મુજબ, આયુષ્યમાન



ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના(એબી-પીએમજેએવાય) માં દેશના ૧૨.૩૭ કરોડ પરિવારના ૫૫ કરોડ લાભાર્થીનો સમાવેશ થયો છે. ૩૦ નવેમ્બર-૨૦૨૪ સુધી ૨૯,૯૨૯ હોસ્પિટલ દેશમાં યોજના હેઠળ એમ્પેનલ્ડ થયેલી છે. કેટલાક રાજયોમાં પીએમજેએવાય યોજના હેઠળ સારવાર લીધી હોય તેવા દર્દીઓની સંખ્યા ૯૬ લાખ સુધીની છે. તો ગુજરાતમાં ૪૭.૪૧ લાખ દર્દીએ છેલ્લા પાંચ વર્ષમાં પીએમજેએવાય યોજનાનો લાભ લીધો છે. વર્ષે સરેરાશ ૯,૪૮,૩૪૩ જેટલા દર્દી પીએમજેએવાય યોજનાનો લાભ લઈને રાજયની સરકારી, ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવતા હોય છે.

# હીરાની મંદીએ સુરતમાં વધુ એક રત્નકલાકારનો ભોગ લીધો

સુરત,તા.૧૮

સુરતના ઉધના વિજયનગર વિસ્તારમાં પરિવાર સાથે ૨૫ વર્ષીય અનિકેત દીપક ઠાકુર રહેતો હતો. અનિકેત છેલ્લા ઘણા સમયથી રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો, દિવાળી વેકેશન બાદ તેને નોકરી મળતી ન હતી જેથી આર્થિક મુશ્કેલીઓ શરુ થઇ ગઈ હતી. જેથી બેરોજગારીથી કંટાળી ગઈકાલે અનિકેત દીપક



ઠાકુરે તાપી નદીમાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. આ અંગે મૃતકના ફુઆ સુધાકરભાઈએ જણાવ્યું હતું કે , અનિકેત દીપક ઠાકુર સુરતના ઉધના વિસ્તારમાં આવેલા વિજયનગરમાં રહેતો હતો. પરિવારમાં માતા-પિતા અને બહેન છે. અનિકેત છેલ્લા ૫ વર્ષથી હીરામાં કામ કરી ઘરનું ગુજરાન ચલાવતો હતો. ત્યારે હાલમાં દિવાળી વેકેશન બાદ તે જ્યાં નોકરી કરતો હતો તે કારખાનું ખુલ્યું ન હતું. જેથી તે અન્ય જગ્યાએ કામની શોધ કરી રહ્યો હતો પરંતુ કામ મળતું ન હતું.

# અમરેલીમાં ઠંડી વધી, રાજ્યમાં ઠંડીના કારણે લોકો ઠુંઠવાયા


ગાંધીનગર,તા.૧૮

રાજયના કેટલાક જિલ્લાઓમાં કોલ્ડવેવની આગાહી વચ્ચે આજે નલિયા ફરી એકવાર રાજ્યનું કોલ્ડપ્લેસ બન્યું છે. નલિયામાં લઘુત્તમ તાપમાન ૭.૫ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે રાજકોટ અને અમરેલી જિલ્લામાં પણ તાપમાનનો પારો ૧૦ની નીચે જતાં લોકો ઠૂંઠવાયા હતા, જોકે અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૨ ડિગ્રીનો વધારો થતાં લોકોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. અમદાવાદમાં એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું જોર યથાવત્ જોવા મળી રહ્યું છે. કચ્છમાં કોલ્ડવેવની આગાહી વચ્ચે નલિયામાં સૌથી ઓછું ૭.૫ ડિગ્રી તાપમાન જ્યારે ભુજમાં ૧૦.૬, કંડલામાં ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટમાં ૯.૩ ડિગ્રી, અમરેલીમાં ૯.૮ ડિગ્રી, પોરબંદરમાં ૧૦.૫ ડિગ્રી અને ભાવનગરમાં ૧૪.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જઈ ભૂવાએ તાંત્રિક વિધિ કરી

અમદાવાદ,તા.૧૮

એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં સારવાર લઈ રહેલા દર્દી પાસે પહોંચી એક ભૂવાએ વિધિ કરી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં ચકચાર મચી છે. સિવિલ હોસ્પિટલની



સુરક્ષા માટે સિક્યોરિટી પાછળ વર્ષે લાખો રૂપિયાનો ખર્ચ કરાતો હોવા છતાં ભૂવો બિનધાસ્ત ICU સુધી પહોંચી જતાં સવાલો ઊઠ્યા છે.સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં એક ભૂવો અમદાવાદ સિવિલના ICUમાં પહોંચી અહીં સારવાર લઈ રહેલા એક દર્દીની વિધિ કરતો જોવા મળી રહ્યો છે.






**અમરેલી સહિતના અનેક શહેરોમાં હીરાની મંદીના કારણે નાના કારખાનાઓ બંધ થઈ ગયા છે**

# સુરતમાં હીરાની મંદી મુદ્દે ગુજરાત કેબિનેટમાં થઈ ચર્ચા

ગાંધીનગર,તા.૧૮

સુરતમાં હીરા ઉદ્યોગમાં આવેલી મંદીથી એક તરફ સેંકડો યુનિટ બંધ થવા લાગ્યા છે અને બાકીના એકમમાં કામ ઘટી જતા લાખો કારીગરો બેકાર બનતા સર્જાયેલી અભૂતપૂર્વ પરીસ્થિતિમાં હવે ગુજરાત સરકારે હીરા ઉદ્યોગના કારીગરોને મદદ કરવા તૈયારી કરી છે. ગુજરાત કેબિનેટની બેઠકમાં આ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉદ્યોગની મંદી અંગે વિસ્તૃત રિપોર્ટ માંગ્યો છે અને તેના પરથી કારીગરોને સરકાર કઈ રીતે મદદ કરી શકે તે અંગે વિચારણા કરીને નિર્ણય લેવાશે. એક તરફ વૈશ્વિક પરીસ્થિતિ, યુદ્ધ વિ.ના કારણે હીરા ઉદ્યોગ પર મંદીના વાદળો ઘેરા બન્યા છે. છેલ્લા ૫૦ વર્ષમાં આવી મંદી સુરતના હીરા ઉદ્યોગે જોઈ નહી હોવાનું જાણકારો કહે છે. અહી લાખો કારીગરો હીરા ઉદ્યોગ પર નભે છે. તેમાં આ વ્યાપક મંદીથી ૫૦% થી વધું કારીગરો બેકાર બન્યા છે અને તેઓ માટે પરિવારનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ બની ગયુ



છે. જેમાં છેલ્લા ૧૦ માસમાં ૪૫ કારીગરોએ આત્મહત્યા કરી છે. હવે આ સ્થિતિનો પડઘો સરકારમાં પડતા જ આજે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંદીમાં કારીગરોને સહાય આપવા સરકાર શું કરી શકે તે માટે એક રિપોર્ટ તાત્કાલીક આપવા જણાવ્યું છે. જેના પરથી સરકાર કારીગરોને સહાય અંગે નિર્ણય લેશે. સુરતની મંદીના પ્રત્યાઘાત સૌરાષ્ટ્ર સુધી પહોંચ્યા છે. જૂનાગઢ-ભાવનગર-અમરેલી જેવા જિલ્લાઓમાં પણ હીરાના નાના કારખાના છે તે પણ મંદીના કારણે બંધ થયા છે અને તેની આગામી સમયમાં સ્થાનિક ચૂંટણીમાં પોલીટીકલ અસર પણ પડી શકે છે જે નિવારવા સરકાર હવે દોડતી થઈ છે.









# ગુજરાતની ત્રણ સહકારી બેન્કોને પેનલ્ટી ફટકારતી આરબીઆઈ



અમદાવાદ,તા.૧૮

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ગુજરાતની ત્રણ સહકારી બેન્કોને માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ પેનલ્ટી ફટકારી છે. જેમાં આણંદની બે કો-ઓપરેટિવ બેન્કોને રૂ. ૧-૧ લાખ અને વલસાડની એક કો-ઓપરેટિવ બેન્કને રૂ. ૧૫ લાખની પેનલ્ટી ફટકારી છે. આ પેનલ્ટી આરબીઆઈની માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ થઈ હોવાથી ખાતેદારો પર તેની કોઈ ખાસ અસર થશે નહીં. SBPP કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડને રૂ. ૧૫ લાખની પેનલ્ટી થઈ છે. એસબીપીપીને આ પેનલ્ટી આરબીઆઈની માર્ગદર્શિકાઓના અનુપાલનમાં ખામી બદલ ફટકારાઈ છે. તે ઈન્કમ રિકોગ્નિશન, એસેટ ક્લાસિફિકેશન અને અન્ય સંબંધિત મામલામાં નિયમોનું પાલન કરી શકી ન હતી. વધુમાં અમુક દેવાદારોના લોન ખાતાને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં નિષ્ફળ રહી હતી. ભાદરણ પીપલ્સ કો-ઓપરેટિવ બેન્કને રૂ. ૧ લાખની પેનલ્ટી કરવામાં આવી છે. જેની પાછળનું કારણ ડિપોઝિટ પર વ્યાજના દર અને કેવાયસી મુદ્દે આરબીઆઈ દ્વારા જારી માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ છે. બેન્કે ચાલુ ખાતા સિવાય અન્ય ખાતામાં પણ વ્યાજ મુક્ત ડિપોઝિટ સ્વીકારી હતી. તેમજ ખાતેદારોના કેવાયસીના રેકોર્ડ અપલોડ કરવામાં નિષ્ફળ રહી હતી.





